**સુવિચાર**

''જવાબદાર વ્યકિતની સ્થિતિ ખીલી જેવી હોય છે. એણે ભાર પણ ઉપાડવાનો હોય છે ને હથોડાનો માર પણ ખાવાનો હોય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૧૨ : કિંમત રૂા. ૩.૦૦ www.amreliexpress.com સત્યમ શિવમ્ સુંદરમ્ જિલ્લાનાં આમઆદમીનું અખબાર R.N.I.NO.GUJGUJ/2001/11803
તા. ૨૫/૦૧/૨૦૨૬, રવિવાર AMRELI EXPRESS DAILY Postal Reg.No. AMR/217/2024-26
ફોન : ૨૨૮૪૨૨ E-Mail : amreliexpress7@gmail.com

# અમરેલી એકસપ્રેસ

૭૭માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૨ મહા સુદ-૭ વર્ષ : ૧૭ અંક : ૦૩૭

### ક્રુરતાપૂર્વક બાંધી કતલખાને લઈ જવાતી હોય

## લીલીયાની લાઠી ચોકડી નજીકથી પોલીસે ૮ ભેંસને બચાવી લીધી

### ૨ ઈસમો વિરૂઘ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૪

લીલીયા તાલુકાનાં ગુંદરણ ગામે રહેતા ફિરોજભાઈ કાસમભાઈ પરમાર તથા અમરેલીમાં રહેતા ઈકબાલભાઈ તરકવાડીયા નામના આરોપીઓએ ગત તા. ૨૩નાં રાત્રે ગેરકાયદેસર રીતે કતલ કરવાના ઈરાદે કતલખાને પોતાના હવાલાવાળા ટ્રક નં. જી.જે.-૧૪ એકસ-૧૬૧૭માં ભેંસ જીવ નંગ-૮ કિંમત રૂપિયા ૨ લાખની ટ્રકમાં અત્યંત ટૂંકી દોરીથી ખીચોખીચ હલનચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રુરતાપૂર્વક બાંધીને (ગોંધી) રાખીને કતલ કરવાના ઈરાદે લઈ જતા હોય. પોલીસે લાઠી ચોકડી ટ્રેકટરનાં શો રૂમની પાસેથી ટ્રક સહિત રૂપિયા ૭ લાખનાં મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### અજાણી વ્યકિતએ ઈ-મેઈલ કરતા દોડધામ

## અમરેલી કલેકટર કચેરીમાં બોંબ ફુટશે તે પહેલા કચેરી ખાલી કરો

### ઈન્ચાર્જ જનસંપર્ક અધિકારીએ ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૨૪

અમરેલીમાં ભય ફેલાવવા માટે થઈને કોઈ અજાણ્યા ભાંગફોડિયા તત્વોએ ઉપાડો લીધો હોય તેમ બે દિવસ પહેલાં ખીજડીયા જંકશન પાસે પેસેન્જર ટ્રેનને ઉથલાવવાના પ્રયાસ કર્યાના બનાવ બાદ અમરેલી જિલ્લા કલેકટર કચેરીની કામગીરીમાં ખલેલ પહોચાડી લોકોમાં ભય ફેલાવવા સારૂ ''LTTE-DMK યોજના : રામ જન્મભુમિ મંદિર, કલેકટર ઓફિસમાં ટૂંક સમયમાં ૪ શકિતશાળી બોમ્બ ફૂટશે પહેલા કલેકટરને ખાલી કરો!'' તેવા હેડીંગ વાળો ધમકી ભર્યો ઈ-મેઈલ કર્યાની કલેકટર કચેરીના ઈન્ચાર્જ જનસંપર્ક અધિકારી, તથા ડીઝાસ્ટર મામલતદારે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.



આ બનાવમાં મળતી વિગત મુજબ ગત તા.૬ ના રોજ ૮:૩૦ વાગ્યે અમરેલી જિલ્લા કલેકટરની કચેરીના ઈ-મેલ આઈ.ડી.

અનુસંધાન પાના ૨ ઉપર

### ''અમરેલી એકસપ્રેસ'' અંક બંધ

'અમરેલી એકસપ્રેસ' દૈનિક કાર્યાલય પ્રજાસત્તાકદિન નિમિત્તે સોમવાર ૨૬ જાન્યુઆરીનાં રોજ સંપૂર્ણ રજા રાખશે. જેથી હવે પછીનો અંક બુધવાર ૨૮ જાન્યુઆરીનાં રોજ પ્રસિધ્ધ થશે. જેની નોંધ એજન્ટ બંધુઓ, વિજ્ઞાનદાતાઓ અને વાંચકોએ નોંધ લેવા વિનંતી.

વ્યવસ્થાપક

**ડોકટર હાઉસ - કાયમી કન્સલટન્ટ**

ડો. ડી.એમ. ઉનડકટ — એમ.ડી. : કન્સલ્ટીંગ ફિઝીશ્યન
ડો. આર. ડી. ઘોડાસરા — એમ.એસ. : કન્સલ્ટીંગ સર્જન
ડો. રૂચિતા જેઠવા — એમ.ડી. : કન્સલ્ટીંગ ફિઝીશ્યન
ડો. દ્રષ્ટિ ટી. પંડયા — (બી.પી.ટી. : ફિઝીયોથેરાપીસ્ટ)

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી લાઠી રોડ, અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,44,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૪/૦૧/૨૦૨૬ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુઘ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંઘીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
RAHEJA QBE, bharti AXA, Medi Assist, ICICI Lombard, ACKO, HDFC ERGO, RELIANCE, SBI general, STAR, TATA AIG, care, digit, Liberty
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫






### પીઆઈ ઓ.કે. જાડેજાનાં માર્ગદર્શનતળે

# અમરેલી તાલુકા પોલીસે ૧૫ વર્ષથી ગુમ થયેલ મહિલાને શોધી કાઢી

## દોઢ દાયકાથી પેન્ડિગ રહેલ જાણવા જોગ કેસ ઉકેલાયો

અમરેલી, તા. ૨૪

ગુજરાત રાજયમાં ગુમ અને અપહરણ થયેલ વ્યકિઓને શોધી કાઢવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. આ અન્વયેભાવનગર રેન્જના આઈ.જી.પી. ગૌતમ પરમાર દ્વારા રેન્જના તમામ જિલ્લાઓને સઘન કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી. તેના આધારે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા જિલ્લામાં ગુમ થયેલ મહિલા તથા પુરૂષોને શોધી કાઢવા જરૂરી માર્ગદર્શન અપાયું હતું.



નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈના માર્ગદર્શન હેઠળ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર ઓ.કે. જાડેજા તથા તેમની ટીમે સને ૨૦૧૦માં નોંધાયેલ ગુમ જાણવા જોગ નં. ૧૨/૨૦૧૦ (તા. ૨૬/૦૬/૨૦૧૦) મુજબની તપાસ પુનઃ શરૂ કરી હતી. આ કેસમાં ૨૦ વર્ષની વયે એક વ્યકિ સાથે લગ્ન કરી કોઈને જાણ કર્યા વિના ઘર છોડીને ગયેલી મહિલાને ગુમ જાહેર કરવામાં આવી હતી.

અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ટીમે સતત પ્રયાસો, યોગ્ય બાતમી હકિકત અને ટેકનિકલ સોર્સના આધારે ૧૫ વર્ષથી ગુમ રહેલી મહિલાને શોધી કાઢવામાં સફળતા મેળવી છે. આ સાથે વર્ષોથી પેન્ડિંગ રહેલા ગુમ જાણવા જોગ કેસનો ભેદ ઉકેલાયો છે. આ કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર ઓ.કે. જાડેજા, પો.કોન્સ્ટેબલ ઉદયભાઈ મેણીયા તથા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં માર્કેટયાર્ડમાં નવા ચણાની

ખેડૂત, કમિશન એજન્ટ સાગર ટ્રેડીંગ કુંની દલાલીના અંદાજીત ૪૦ મુદ્દા જેટલા ચણા લઈને આવેલા હતાં અને નવા ચણાની ખરીદી વેપારી અક્ષય ટ્રેડીંગ દ્વારા કરવામાં આવેલ હતી. જેનો પ્રતિ મણનો ભાવ રૂા. ૧૧૬૦/– થયેલ. આમ માર્કેટયાર્ડ અમરેલી ખાતે નવા ચણાની આવક શરૂ થઈ ગયેલ છે અને ખેડૂતોને તેના ભાવો પણ સારા મળે છે. તેમ બજાર સમિતિનાં સેક્રેટરી તુષારભાઈ હપાણીએ એક અખબાર યાદીમાં જણાવ્યુ હતું.

# દામનગર ખાતે આગામી બુધવારે નેત્ર યજ્ઞ યોજાશે

દામનગર, તા. ૨૪

દામનગરમાં આવેલ શ્રી ગાયત્રી મંદિરે તા. ૨૮/૧/૨૦૨૬ ને બુધવારના રોજ સવારનાં ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી સીનીયર સીટીઝન ટ્રસ્ટ દામનગર, શ્રી ગાયત્રી મંદિર દામનગર અને શ્રી ભૂરખીયા હનુમાનજી મંદિર દ્વારા યોજવામાં આવેલ નેત્ર નિદાન કેમ્પમાં આંખનાં રોગોનું નિદાન કરી, જરૂરીયાતવાળા મોતીયોના દર્દીઓને આધુનિક મશીન દ્વારા ટાંકા વગરનું નેત્રમણી બેસાડી આપવામા આવશે. (મોતીયાનું ઓપરેશન વિનામૂલ્યે) આ સંયુકત આયોજનના આયોજક શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ (આંખની હોસ્પિટલ) રાજકોટના ડોકટર –ટીમ અને સ્થાનિક સ્વયં સેવકો સેવા આપશે. આ કેમ્પનો લાભ લેવા જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી કલેકટર કચેરીમાં

collector-amr@gujarat.gov.in ઉપર અજાણી વ્યકિતએ પોતાનુ નામ સરનામુ નહી જણાવી અને ઓળખ જાહેર ન થાય તે રીતે ઈ–મેઈલ આઈ.ડી. arundale_kumar @hotmail.com મારફતે અજાણ્યા આરોપીએ અમરેલી જિલ્લા કલેક્ટર કચેરીની કામગીરીમાં ખલેલ પહોચાડવા અને લોકોમાં ભય ફેલાવવા સારૂ "LTTE-DMK યોજના : રામ જન્મભુમિ મંદિર, કલેક્ટર ઓફિસમાં ટૂંક સમયમાં ૪ શકિતશાળી બોમ્બ ફૂટશે તે પહેલા કલેકટરને ખાલી કરો !" તેવા હોડીંગ વાળો ધમકીભર્યો ઈ–મેઈલ કર્યા અંગેની કલેકટર કચેરીના ઈન્ચાર્જ જનસંપર્ક અધિકારી, તથા ડીઝાસ્ટર મામલતદાર અશોકકુમાર જીવનલાલ મકવાણાએ ગઈકાલે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પે. આર.ડી. ચૌધરી વધુ તપાસ હાથ ધરી છે.

પાના ૧૦ ઉપરનું ચાલું

## "પાસા" હેઠળ જેલહવાલે કરી દેવાયો

પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ ઓ. કે. જાડેજા તથા પોલીસ ઈન્સ. ડી.એસ. ઈશરાણીએ અમરેલી જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતો ઈસમ દિનેશ ઉર્ફે કાગડો માધુભાઈ બાગડીયા, (રહે.મધ્યપ્રદેશ હાલ રહે.શાપર, જિ.જામનગર) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલીનાઓ તરફ મોકલી આપેલ હતી.

લોકોની માલ–મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઈસમની સમાજ–વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજએ ઉપરોકત ઈસમ વિરૂપ્રધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં, અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.ડી. ચાવડા તથા ઈ.ચા. પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરી તથા એલ.સી.બી. ટીમ દ્વારા દિનેશ ઉર્ફે કાગડો માધુભાઈ બાગડીયાને પાસા વોરંટની બજવણી કરી, પાલરા સ્પેશ્યલ જેલ, કચ્છ – ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

# દામનગરમાં "શ્વાન" આરમની મુદ્રામાં



દામનગર શહેરમાં શ્વાન આરામ કરવા મકાન ઉપર જઈને બેઠા. નિરીક્ષણ કરતા હોય એવું દ્રશ્ય જોવા મળ્યું. સાંજના અરસામાં રહેણાંક વિસ્તારમાં આવેલ એક ઘરની ઉપર દિવસ દરમિયાન આમથી તેમ આંટા મારીને જાણે કે થાકેલ હોય તેમ શ્વાન આરામ કરતા જોવા મળ્યો હતો. આ દ્રશ્ય નિહાળવા પસાર થતાં લોકો ઘડી બેઘડી ઉભા રહી જતા હતા અને આશ્ચર્ય સાથે આનંદ મેળવ્યો હતો.

# બગસરાનાં કવિ સ્નેહી પરમાર પી.એચ.ડી. થતાં અદકેરો સન્માન સમારોહ યોજાયો



બગસરા, તા. ૨૪

બગસરાના જાણીતા કવિ સ્નેહી પરમારે બાળક વિવાની ભાષા એક અભ્યાસ વિષય પીએચડી થતા શિવા ગ્રૃપ–બગસર તથા મેઘાણી સાહીત્ય વતૃળ દ્વારા અદકેરો સન્માન સમારોહ ઈતિહાસ વિદ ગિરધરભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને અત્રેના અરવિંદભાઈ મણીયાર ભવન ખાતે યોજાયેલ.

આ સમારોહમાં બન્ને સંસ્થાઓ દ્વારા મોમેન્ટોથી સન્માનિત કરાયેલ આ કાર્યક્રમમાં શિવજીભાઈ રૂખડા, ચંદ્રહાસભાઈ બસીયા, નિતેષ ડોડીઆએ પીએચડી થવા બદલ શાબ્દીક અભિનંદન પાઠવેલ. આ કાર્યક્રમમા મૂળજીભાઈ મહીડા, દેવજીભાઈ શેખા, રાજૂભાઈ ભટ્ટ, મહેન્દ્રભાઈ જીવાણી, અશ્વિનભાઈ પાઘડાળ, જીતુભાઈ દોશી, રૂપેશભાઈ સિકોતરા, દિપાબેન ગોહીલ, કલ્પનાબેન મારડીયા, દયાબેન ગેડીયા, વિપુલભાઈ પંડયા, સતારભાઈ મદાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહેલ.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિનુભાઈ ભરખડાએ કરેલ જયારે આભાર દર્શન ડી.જી. મહેતાએ કરેલ.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ કેશલેશની સગવડ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨




શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com







લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન ઇ-સ્ટેમ્પ
ઉપલબ્ધ સુવિધાઓ
CSC E-governance Services India Limited
E STAMP
પાનકાર્ડ | લાઈટ/ગેસ બીલ
પાસપોર્ટ | રેલ્વે/બસ/એર બુકીંગ
વાહન ઇન્શ્યોરન્સ | મની ટ્રાન્સફર
ફાસ્ટેગ | જીવન પ્રમાણપત્ર સર્ટી.
દરેક પ્રકારના રીચાર્જ | IT / GST રીટર્ન
વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
95 86 86 86 45



Destination Wedding at ₹ 3.5 Lakh

તમારા સપનાના લગ્ન માટે ગીરનું શ્રેષ્ઠ ડેસ્ટિનેશન...

- ૬૦૦૦ ફૂટ વેડિંગ લોન • વિશાળ સ્વિમિંગ પૂલ • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
- ૨૨ લક્ઝરિયસ કોટેજિસ • લગ્ન વિધિ માટે હોલ..

THE LION LODGE

3



For Booking: 9409400002 | 9409400003 www.thelionlodge.in

LG Life's Good.


Thank You India for Making LG Most Trusted Brand

LG celebrates a historic Initial Public Offering (IPO) with never-before offers.

IPO CELEBRATION OFFERS

50% Off + 10% GST Benefits + Scratch & Win ₹9990

15% CASHBACK | 0 DOWN PAYMENT | EMI STARTING FROM ₹888 | LG BEST Care 20%



LG BEST SHOP

મુકુંદરાય એન્ડ બ્રધર્સ

કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી

Mo.94081 59606 / 99747 72377

VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK



Aikyam

એક્યમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ

ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..

ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S., M.I.A.P.P.

કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ

મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુક્તિનાં નિષ્ણાંત..

:: લક્ષણો ::

- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુદ્ધિ બાળકોની સારવાર
- ચિંતા - ટેન્શન
- માથાનો દુઃખાવો
- જાતિય રોગો
- વ્યસનમુક્તિ : દારૂ, બીડી, તમાકુ, કાલા

સ્થળ : પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.

Mo. 97370 28181 | Ph. 02792-224224

મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

Sheetal ICE CREAM

WE ARE HIRING


JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND

- Business Development Manager — Experience : 1-2 Years
- Senior Accountant - 1 — Experience : 1-2 Years (Male)
- Junior Finance Officer - 1 — Experience : 1-2 Years (Male)
- Parlour Manager - 1 — Experience : 1-2 Years
- Cashier - 1 — Experience : 1-2 Years
- Sales Coordinator - 2 — Experience : 1-2 Years

Location : Amreli

hrscpl1987@gmail.com

+91 95109 59957



હવે... બદલાશે સારવારની પરીભાષા



(ગોળ હોસ્પિટલ) 24/7 Emergency Services

કાર્યરત વિભાગો

આયુષ્માન કાર્ડ અંતર્ગત તદ્દન મફત ઓપરેશન

- યુરોલોજી (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
- આયુર્વેદ વિભાગ
- પીડીયાટ્રીકસ (બાળરોગ)
- ક્રિટીકલ કેર અને મેડિસિન
- ઈ.એન.ટી (કાન-નાક-ગળા)
- આંખ વિભાગ
- લેબોરેટરી
- જનરલ સર્જરી
- ગાયનેક અને આઈ.વી.એફ
- ડાયાલિસીસ વિભાગ
- સ્કિન વિભાગ (ચામડીના રોગ)
- દાંત વિભાગ
- ઓર્થોપેડિક અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ
- ફિઝીયોથેરાપી વિભાગ

NETRA CHIKITSA TRUST MULTISPECIALITY HOSPITAL

Managed by Netra Chikitsa Trust - Amreli

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ

ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯

એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

૭૭માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ

ગણતંત્ર દિવસ 26TH JANUARY

ચાલો આ ગણતંત્ર દિવસ પર વાસ્તવિક નાયકોને સલામ કરીએ.

પ્રજાસત્તાક દિવસની રંગીન શુભેચ્છાઓ

ગણતંત્ર દિવસની હાર્દિક શુભકામનઓ..



: શુભેચ્છક :

શ્રી ઘનશ્યામભાઈ ડોબરીયા

ભાજપ અગ્રણી

: સાવરકુંડલા :

૭૭માં ગણતંત્ર દિવસની હાર્દિક શુભકામનાઓ

26 January

- ગાયત્રી સંસ્કાર વિદ્યાલય
- હરીબા મહિલા કોલેજ
- શ્રી રામ હોસ્પીટલ
- માતા પિતાનું ઘર વૃધ્ધાશ્રમ
- શિવ બાલાશ્રમ
- શ્રી કૃષ્ણ ગૌશાળા
- સંસ્કૃત શક્તિ ગુરૂકુળ
- રક્ષા શક્તિ સ્કૂલ
- અબ્દુલ કલામ યંગ વુમન સાયન્સ સેન્ટર




પુ.સંતશ્રી ડો.રતિદાદા

( સંસ્થાના શિલ્પી )

મો. ૮૮૬૬૩ ૭૪૧૧૨

ગાયત્રી સંસ્કાર ધામ

ધારી રોડ, ચલાલા, તા. ધારી, જિ. અમરેલી.



શ્રી મહેશભાઈ મહેતા

ડાયરેક્ટરશ્રી ( ભારત ભૂષણ )

મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭

૭૭માં ગણતંત્ર દિવસની હાર્દિક શુભકામનાઓ

S.M.G.K. શૈક્ષણિક સંકુલ એટલે... K.G. થી આર્ટસ-સાયન્સ કોલેજ

ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં તમામ જ્ઞાતિઓના દિકરા-દિકરીઓને એડમીશન આપતી સંસ્થા

BSC 2020-21-22-23-24-25 માં 100% રીઝલ્ટ આપતી સંસ્થા

સાવરકુંડલા માટે સાયન્સ વિભાગમાં ઉત્તમ ગુણવત્તાવાળો અધ્યાપક ગણ ધરાતી એકમાત્ર સંસ્થા

સંસ્થાપક : અ.ફૈઝ કરમ પીરે તરીકત સરકાર આહાજ સૈયદ મુહંદમ (દાદાબાપુ) કાદરી - ફાતમીફિઝે મુહંમદી એજયુકેશન વેલફેર & ચેરીટેબલ ટ્રસ્ટ - સાવરકુંડલા સંચાલિત

એસ.એમ.જી.કે. એજયુકેશન કોમ્પ્લેક્ષ

શ્રેષ્ઠ સંસ્કાર અને શ્રેષ્ઠ શિક્ષણ આપતી સંસ્થા

કાર્યક્ષેત્ર : LKG / HKG ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૧ થી ૮ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૯ થી ૧૦ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ
ધો. ૧૧ થી ૧૨ હાયર સેકન્ડરી



સામાન્ય/વિજ્ઞાન પ્રવાહ ગુજ./અંગ્રેજી માધ્યમ /આર્ટસ/કોમર્સ/સાયન્સ કોલેજ (સૌરા.યુનિ.માન્ય) શેઠ એ.આર. અલાના પ્રા. I.T.I. (NCVT માન્ય)

અડ્રેસ : મહુવા રોડ, સાવરકુંડલા, જિ. અમરેલી. (ગુજરાત) ફોન : (02845) 295135, મો.નં. 98795 71077 / 99094 92617

## ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે
## હાર્દિક શુભકાનાઓ



ચાલો આપણે એક પ્રતિજ્ઞા લઈએ કે, આપણો
આપણો બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓના
પ્રયત્નોને વ્યર્થ ન જવા દઈએ, આપણે આપણા દેશને
વિશ્વનો શ્રેષ્ઠ દેશ બનાવવાનો પ્રયત્ન કરીશું

પ્રજાસત્તાક દિવસની રંગીન શુભકામનાઓ.

ગણતંત્ર દિવસ
26TH JANUARY



શુભેચ્છક
**શ્રી અંબરીષભાઈ ડેર**
પૂર્વ ધારાસભ્ય
રાજુલા - જાફરાબાદ મતવિસ્તાર



## ૭૭માં ગણતંત્ર દિવસની
## હાર્દિક શુભકામનાઓ




**શ્રી સમૃદ્ધિ નાગરીક શરાફી સહકારી મંડળી લી. અમરેલી**

**બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ**

શ્રી મંથન ધર્મેશભાઈ કાછડીયા
શ્રી ભનુભાઈ મધુભાઈ ચોવટીયા
શ્રી કમલેશકુમાર લાલજીભાઈ જીયાણી
શ્રી ભરતભાઈ મધુભાઈ બાવીશી
શ્રી વિજયભાઈ કાળુભાઈ કાછડીયા
શ્રી અતુલભાઈ શામજીભાઈ રાદડીયા
શ્રી જયસુખભાઈ નનુભાઈ કુંમર
શ્રી હિરેનભાઈ ચતુરભાઈ કાછડીયા
શ્રી વિઠલભાઈ વિરજીભાઈ માદલીયા
શ્રી પુનાભાઈ મગનભાઈ ગજેરા
ડો. જયંતિભાઈ દયાળભાઈ કુંભાણી
શ્રીમતિ જયાબેન મધુભાઈ ગેલાણી
શ્રી વિજયભાઈ રમેશભાઈ ભાલાળા
શ્રી સતિષગીરી ભાવગીરી ગોસ્વામી
શ્રી મોહનભાઈ મુળજીભાઈ ભંડેરી
શ્રી પિયુષભાઈ નારણભાઈ કાછડીયા



**શ્રી નારણભાઈ કાછડીયા**
ચેરમેનશ્રી વ પૂર્વ સાંસદશ્રી



## ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે
એવમ્
## હાર્દિક શુભકાનાઓ

Happy Republic Day 26 January

ચાલો આ ગણતંત્ર દિવસ પર વાસ્તવિક
નાયકોને સલામ કરીએ..

પ્રજાસત્તાક દિવસની
રંગીન શુભકામનાઓ.

શુભેચ્છક
**શ્રી મધુરમ્ કન્સ્ટ્રકશન (ઈન્ડીયા) લી.**
**જુનાગઢ**



## ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે હાર્દિક શુભકાનાઓ

**ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.**
'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૬૦૧
ઈ-મેઈલ :ho@ajmsbank.com વેબસાઈટ :www.ajmsbank.com

International Year of Cooperatives 2025

**(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)**

| અનુ. નં. | થાપણના પ્રકાર | તા.૧૦-૦૭-૨૦૨૫ થી વ્યાજનો દર | સીનીયર સીટીઝન (વરિષ્ટ નાગરીક) માટે |
|---|---|---|---|
| (A) | ૦૭ દિવસથી ૧૪ દિવસની મુદ્દત માટે | ૩.૫૦ | ૪.૦૦ |
| (B) | ૧૫ દિવસથી ૪૫ દિવસની મુદ્દત માટે | ૪.૦૦ | ૪.૫૦ |
| (C) | ૪૬ દિવસથી ૮૯ દિવસની મુદ્દત માટે | ૫.૦૦ | ૫.૫૦ |
| (D) | ૯૦ દિવસથી ૧૭૯ દિવસની મુદ્દત માટે | ૫.૧૦ | ૫.૬૦ |
| (E) | ૧૮૦ દિવસથી ૧ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૦૦ | ૬.૫૦ |
| (F) | ૧ વર્ષની મુદ્દત અને ૨ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (G) | ૨ વર્ષની મુદ્દત અને ૩ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૭૫ | ૭.૨૫ |
| (H) | ૩ વર્ષની મુદ્દત અને ૫ વર્ષ કરતા ઓછી મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (I) | ૫ વર્ષથી વધુ અને ૮ વર્ષ સુધીની મુદ્દત માટે | ૬.૫૦ | ૭.૦૦ |
| (J) | ડબલ (સ્પેશ્યલ ફીકસ ડીપોઝીટ) | ૧૧ વર્ષ ૬ માસે (૧૩૮ માસ) (વ્યાજ દર ૬.૧૦%) | |

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને **સને ૧૯૫૧** થી સતત **ઓડીટ વર્ગ 'અ'** ધરાવતી બેંક.
- સરકારશ્રીની નીતિ અન્વયે પ્રથમ વર્ષથી ૧૦૦% કિસાન કેડીટ કાર્ડ દ્વારા જ ખેડૂતોને રૂા. ૩,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ ૭% એ ખરીફ અને રવિ પાક ધિરાણ પુરી પાડતી પ્રથમ બેંક તેમજ **રૂા. ૩,૦૦,૦૦૦/-** સુધીનું અકસ્માત વીમા કવચ પુરી પાડતી બેંક.
- બેંકની મુખ્ય કચેરી ઉપરાંત **૭૧ શાખાઓ** સાથે સંયોજીત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ ઉદ્યોગોને ઉત્તમ સેવા પુરી પાડતી બેંક.
- ખેડૂતોને હાઉસીંગ, ગોડાઉન, ટ્રેક્ટર તથા દ્વીચકી વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે.
- રૂા.૫,૦૦,૦૦૦/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ વીમાથી સુરક્ષિત.
- **બેંકમાં RTGS, NEFT, IMPS, UPI, (બીલ પેમેન્ટ) BBPS, (આધાર લીંક સબસીડી) APBS, SMS એલર્ટ, મોબાઈલ બેંકીંગ, CTS ટ્રાન્ઝેકશનની સુવિધા ઉપલબ્ધ છે. તેમજ ફકત રૂા. ૧૦૭/- માં બેંક મારફત પાનકાર્ડ મેળવવાની સુવિધા.**
- બેંકની વ્યકિતગત **આકસ્મિક વીમા યોજના** અન્વયે ૧૦ થી ૭૮ વર્ષની વયના **લોકોને રૂા. ૫,૦૦,૦૦૦/- લાખનું અકસ્માત વીમાનું કવચ.**
- **ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના ૭૫% સુધી અને વધુમાં વધુ રૂા. ૭,૦૦,૦૦૦/- સુધીનું ધિરાણ વાર્ષિક માત્ર ૯.૦૦ % ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.**

**(બી. એસ. કોઠીયા)** જનરલ મેનેજર (સી.ઈ.ઓ)
**(અરૂણભાઈ પટેલ)** વાઈસ ચેરમેન
**(દિલીપ સંઘાણી)** ચેરમેન

**ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.- અમરેલી.**

# ૭૭માં ગણતંત્ર દિવસની

## હાર્દિક શુભકામનાઓ








શ્રી મેહુલભાઈ ત્રિવેદી
પ્રમુખ

શ્રી પ્રતિકભાઈ નાકરાણી
ઉપપ્રમુખ

શ્રી અશોકભાઈ ચૌહાણ
ચેરમેન
કારોબારી સમિતિ

શ્રી સાવન રતાણી
ચીફ ઓફિસર

તેમજ તમામ ચેરમેનશ્રીઓ
અને સદસ્યશ્રીઓ તથા કર્મચારીગણ...


**સાવરકુંડલા નગરપાલિકા**
**: સાવરકુંડલા :**



# ૭૭માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ







શ્રી દીપકભાઈ માલાણી
ચેરમેન

શ્રી મહેશભાઈ લખાણી
વાઈસ ચેરમેન

શ્રી જતિનભાઈ માલાણી
સેક્રેટરી

તથા તમામ ડિરેક્ટરશ્રીઓ
તેમજ કર્મચારીગણ...

**સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**
**સાવરકુંડલા (માર્કેટયાર્ડ)**



# ૭૭ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે

## હાર્દિક શુભકાનાઓ




એક રાષ્ટ્ર, એક દ્રષ્ટિ, એક ઓળખ
'કોઈ નેશન પરફેક્ટ નથી,તેને સંપૂર્ણ
બનાવવાની જરૂર છે.'
મેરી પહેચાન મેરા ભારત
પ્રજાસત્તાક દિવસની શુભકામના..

પ્રજાસત્તાક દિવસની રંગીન શુભકામનાઓ.

: શુભેચ્છક :

**ડીઝાઈન પોઈન્ટ**

તેમજ સ્ટાફ પરિવાર

**ગણેશ કોમ્પ્લેક્ષ, સ્ટેશન રોડ, અમરેલી.**



# ૭૭ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે

## દેશવાસીઓને હાર્દિક શુભકાનાઓ






ગુજરાતની પ્રથમ ક્રમાંક ધરાવતી શરાફી મંડળી

ડી.જી. મહેતા
જનરલ સેક્રેટરી

નિતેષ ડોડીઆ
જનરલ એમ.ડી.

રશ્વિનભાઈ પી.ડોડીઆ
ચેરમેનશ્રી

**શ્રી બગસરા નાગરીક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

મુખ્ય ઓફીસ :- શ્રી અરવિંદભાઈ મણીયાર ભવન, બગસરા. જી. અમરેલી. ફોન :- ૦૨૭૯૬ ૨૨૨૨૫૮

# બે દર્દી બાલમા. તુજ કો... મેરા મન..યાદ કરતાં હૈ ..બે દર્દી બાલમા અજી રૂઠ કર. અબ કહા જાયેગા ..જહાં..જાયેગા..હમે પાયેગા ખ્વાબ હો તુમ યા, કોઇ હકીકત.. કૌન હો તુમ બતલાઓ... દેર સે કિતની

ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ ..૨૬૯-૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો ,**

આવતીકાલે પ્રજાસતાક દિન છે, ભારતના તમામ નાગરિકોને પ્રજાસતાક પર્વની હાર્દિક શુભકામનાઓ. ભારત ૧૯૪૭માં આઝાદ થયું, પણ ભારતીય બંધારણ અમલમાં આવ્યું ના હતું, ૧૯૫૦ના ૨૬ જાન્યુઆરી એ ભારતીય બંધારણ અમલમાં આવ્યું. તેને પ્રજાસતાક પર્વ દિન રૂપે આપણે ઉજવીએ છીએ.

આજે આપણે ૧૯૬૫ની બે સફળ ફિલ્મોની વાત કરીશું. એક ફિલ્મ ટોપ ટેનમાં ચાર નંબર પર છે, અને એક ફિલ્મ એ ૧૯૬૫ની વીસ સફળ ફિલ્મો પૈકી ૧૭ નંબર પર છે. સાચો પ્રેમ કોને કેહવાય ? પતિ અને પત્ની કે પ્રેમી અને પ્રેમિકા વચ્ચેના સાચા પ્રેમ બાબતમાં હું એટલું કહીશ કે સાચો પ્રેમ નિસ્વાર્થ અને લાગણી સભર હોય છે, જેમાં કોઈ અપેક્ષા હોતી નથી, કોઈ વાસના હોતી નથી, માત્ર મારો પ્રેમ ખુશ રહે તે જ લાગણી, તે જ કાર્ય તે સાચો પ્રેમ છે. આજની બન્ને ફિલ્મોના મૂળમાં સાચો પ્રેમ જ કહાનીનો મૂળ ભાગ છે. રાજેન્દ્ર અને સાધનાની આરઝુંમાં પ્રેમની પરાકાષ્ઠા ચિત્રિત છે, તો દેવ સાહેબની તીન દેવિયામાં જીવન ભર સાથ નિભાવે તેવા જીવન સાથીની ખોજની વાત છે. તીન દેવિયા ૧૯૬૫ની ફિલ્મ છે, તે સમયનો નાયક ત્રણ પ્રેમિકાઓ સાથે સંબંધ રાખે છે, તે તે સમયે દર્શકોને જરા પસંદ નહી પડ્યું હોય તેવું મારૂ માનવું છે. અને સેન્સર બોર્ડને પણ પસંદ ના પડ્યું, અને આ ફિલ્મને એ સર્ટિફિકેટ અપાયું હતું, આજે તો યુવતીઓ પણ એક કરતાં વધુ યુવકોને મિત્ર બનાવે છે, અહી વાત માત્રને માત્ર મિત્રતાની છે, જેમાં પરસ્પર એકબીજાની મનની લાગણીઓ




સમજવાની વાત છે. ક્યારેક બે વિજાતીય પાત્રોની આ મિત્રતા પ્રેમમાં પરિવર્તિત થઈ જતી હોય છે, પ્રેમ એક નિસ્વાર્થ પ્રેમ છે, જયાં શારીરિક સંબંધો, અમીરી કે ગરીબી, કે બાહ્ય દેખાવ એ મહત્વ ધરાવતું નથી, પણ હદયની લાગણીઓ એમ કહે છે કે, હવે આ પાત્ર વગર આગળનું જીવન શક્ય નથી. આવી કહાની લઈ દેવ આનંદની નાયક રૂપે ફિલ્મ આવી, જેમાં ત્રણ અભિનેત્રીઓ સાથે એક માત્ર નાયક દેવ આનંદ રહ્યા. સિમી માટે આ ફિલ્મ એક સફળતાનું પગથિયું બની, પણ સિમી વધુ સફળ રહ્યા નહીં.

તીન દેવિયા – અમર જીતના નિર્દેશનમાં (આમ તો દેવ સાહેબે નિર્દેશન વધુ કરેલ છે), અને નિર્માણમાં, પ્રતાપ સિંહાની સિનેમા ઓટોગ્રાફી, પ્રાણ મેહરાનું એડિટિંગ, મજરૂહ સુલ્તાન પૂરીના કાવ્ય અને એસ ડી બર્મનના સંગીત સાથે રફી સાહેબ, કિશોર કુમાર, લતાજી, આશાજીના મધુર સ્વરની સાથે આ ફિલ્મમાં દેવ આનંદ, નંદા, કલ્પના, સિમી, આઈ એસ ઝોહર, રશિદ ખાન અને સુલોચનાએ અભિનય આપ્યો છે. ફિલ્મ બ્લેક એન્ડ વ્હાઈટ હતી, પણ ફિલ્મના મુખ્ય અંશોને અહી રંગીનમાં ચિત્રિત કરવામાં આવ્યા છે.

કહાની ટૂંકમાં જોઈએ તો, દેવ એક સારો કવિ છે, અને નંદા તેની પડોસી છે, બન્ને વચ્ચે પહેલા ગેર સમજ થાય છે, પણ દેવની કવિતાઓ વાંચી નંદાદેવ તરફ આકર્ષિત થાય છે, દેવનું એક પ્રેમિકા કહો કે પત્નીની જેમ ધ્યાન રાખે છે, દેવની મુલાકાત એક રકઝક સાથે એક અભિનેત્રી કલ્પના સાથે થાય છે, તે પણ દેવની કવિતા આથી પ્રભાવિત થાય છે, તે સમયમાં જ તેની મુલાકાત એક ત્રીજી યુવતી સિમી સાથે પણ થાય છે, તે પણ દેવની કવિતાઓની સાથે તેને પણ પ્રેમ કરવા લાગે છે. વાત ત્યાં પૂરી થતી નથી, પણ કલ્પના અને સિમી દેવને લગ્નનો પ્રસ્તાવ આપે છે, જયારે નંદા એ પ્રેમનું પ્રતિક બને છે, દેવ પણ માનસિક પરેશાન થાય છે, કે તે કોની સાથે લગ્ન કરી સુખી રેહશે ? અને એક મનોવૈજ્ઞાનિકનો સહારો લે છે, અને કલ્પના અને સિમી સાથેના લગ્નનો નિર્ણય બદલી નંદાને સ્વીકારે છે, પણ આ કહાનીની વાત કરવાથી ફિલ્મ સમજાશે નહીં, તે માટે આ ફિલ્મ નિહાળ વી જરૂરી છે. ફિલ્મની સફળતામાં રફી સાહેબના ગીત, એસે તો ના દેખો, કી હમ કો નશા હો જાયે, કિશોર દા અને લતાજીના સ્વરનું ગીત લીખા હૈ તેરી આંખો મે દિલ ક અફસાના, અને કિશોર દા અને આશા જીના સ્વરમાં, અરે યાર મેરી તુમ ભી હો ગઝબ, ઘુંઘટ તો જરા ઓઢો, અને કિશોર દાના સ્વરના ગીત, ખ્વાબ હો તુમ યા કોઈ હકીકત કેન હો તુમ બતલાઓ, દેર સે કિતની દૂર ખડી હો, ઔર કરીબ આ જાઓનો મહત્વનો ફાળો છે.

આરઝું –રામાનંદ સાગરના નિર્દેશન, નિર્માણ, કહાની અને જી સિંગની સિનેમા ઓટો ગ્રાફી, લાછમન દાસની એડિટિંગ, હસરત જઈપૂરીના લખેલ ગીત અને શંકર જયકિશનના યાદગાર મધુર સંગીત સાથે, રફી સાહેબ, લતાજી અને મુબારક બેગમના સ્વરના ગીતોથી સજેલ આ ફિલ્મમાં રાજેન્દ્ર કુમાર, સાધના, ફિરોઝ ખાન, નાઝીમાં, નાઝીર હુસેન, ધુમાલ, અચલા સચદેવ અને મેહમુદે અભિનય આપ્યો હતો. ફિલ્મ એક પારિવારિક પ્રેમ કહાની પર આધારિત હતી, સાથે દોસ્તી અને પ્રણય ત્રિકોણ પણ સામેલ કરાયા હતા.

દેવ સાહેબ ગાઈડમાં વહિદાને કહે છે કે, ક્યારેક તું ચંચલ તરૂણી તો કયારેક સમજદાર મહિલા દેખાય છે, વહિદાજી ગાઈડમાં ખુબ જ સુંદર દેખાય છે, તેમાં કોઈ શંકા નથી, પણ તે સમયે સાધનાનું સૈંદર્ય, તેની હેર સ્ટાઈલ સાધના કટથી પ્રચલિત હતી. ફિલ્મની કહાની ટૂંકમાં જોઈએ તો, રાજેન્દ્ર માતા અચલા, બહેન નાઝીમાં અને ભાઈ જેવા દોસ્ત ફિરોઝ સાથે જીવન પસાર કરતાં એક ડોક્ટર બની જાય છે, ફિરોઝ અને રાજેન્દ્ર કાશ્મીર એક પ્રતિયોગિતામાં ભાગ લેવા જાય છે, પણ તેના નામ બદલી નાખે છે, રાજેન્દ્રની મુલાકાત ત્યાં સાધના સાથે થાય છે, અને બન્ને અતૂટ પ્રેમના બંધને બંધાય છે, એક વાર સાધના તેને કહે છે




કે તેને અપંગ લોકો પસંદ નથી. રાજેન્દ્ર સાધનાને લગ્નનો વાયદો આપી પરત જાય છે, પણ તેનો અકસ્માત થાય છે અને તેનો એક પગ કપાઈ જાય છે, તે ઘરે પણ કોઈને જાણ કરતો નથી અને કૃત્રિમ પગ લગાવી લે છે, પણ હવે તે સાધનાને દુખી કરવા માંગતો નથી. બીજી તરફ ફિરોઝના લગ્ન સાધના સાથે તેના પિતા નક્કી કરે છે, સાધના એ નાઝીમાંની મિત્ર પણ હોય છે, સાધના રાજેન્દ્ર સિવાય કોઈ સાથે લગ્ન કરવા માંગતી નથી. નાઝીમાંને રાજેન્દ્ર અને સાધનાના પ્રેમની જાણ થાય છે, સાથે તેનો ભાઈ રાજેન્દ્ર અપંગ છે તે પણ ખબર પડે છે, તે જાણ સાધનાને પણ થાય છે, સાધના પ્રેમને મેળવવા તેનો પગ કપાવવા તૈયાર થઈ જાય છે, પણ રાજેન્દ્ર અને ફિરોઝ તેને બચાવી લે છે, અને અંતે બે પ્રેમીઓનું સુખદ મિલન થાય છે. ફિલ્મમાં લાગણી સભર દ્રશ્યો એટલા સરસ નિર્દેશિત કરાયા છે, કે દર્શકો ભાવુક થઈ જાય છે, રાજેન્દ્ર કુમારના અભિનયની અહી પ્રસંસા કરવી પડે તેમ છે. સંપૂર્ણ ફિલ્મ સાધના અને રાજેન્દ્રના અભિનય અને શંકર જયકિશનના સંગીતમાં રફી સાહેબ અને લતાજીના ગીતોના લીધે સફળતા મેળ વી છે. આ ફિલ્મ ૧૯૬૫ના વર્ષની ચોથા નંબરની સફળ ફિલ્મ રહી.

ફિલ્મના ગીતો આજેપણ લોકપ્રિય છે, પણ તે સમયે શંકર અને જયકિશન વચ્ચે થોડું મનદુખ હતું, અને કહેવાય છે કે બન્ને સાથે સંગીત કરવા તૈયાર ના હતા, પણ રફી સાહેબની સલાહ બાદ બન્ને ફરી એક થયા હતા. લતાજીના સ્વરમાં, અજી રૂઠકર અબ કીધર જઈએગા, જહાં જઈએગા હમે પાઈએગા, તો તે જ ગીત તે જ અંદાઝમાં રફી સાહેબના સ્વરમાં, અજી હમ સે બચકર કહા જઈએગા. યાદગાર છે. તો લતાજીના સ્વરમાં યાદગાર ગીત, બે દર્દી બાલમા તુજ કો મેરા મન યાદ કરતાં હૈ, બરસતા હૈ જો આંખો સે વો સાવન યાદ કરતાં હૈ. આજે પણ લતાજીના યાદગાર ગીત પૈકી એક છે.

રફી સાહેબના સ્વરમાં, એ ફૂલો કી રાની, બહારો કી મલ્લિકા તેરા મુસ્કુરાના ગઝબ હો ગયા, ના દિલ હોશ મે હૈ, ના હમ હોશ મે હૈ, આ ગીતમાં નિર્દેશક નકલી ફૂલો લઈ આવ્યા હતા, જે સંપૂર્ણ અસલી ફૂલો જેવા જ લાગતાં હતા, એ નરગિશે મસ્તાના, બસ ઈતની શિકાયત હૈ, બસ ઈતની શિકાયત હૈ, સમજા હમે બેગાના, બસ ઈતની શિકાયત હૈ, એ નરગિશે મસ્તાના. અને છલકે તેરી આંખો સે શરાબ ઔર ભી જયાદા , ખીલતે રહે હોઠો કે ગુલાબ ઔર ભી જયાદા. આજે પણ રફી સાહેબના યાદગાર ગીતોમાં સામેલ છે. આ ફિલ્મમાં કોઈ પણ યુગલ ગીત નથી.

ખાસ, તો તે સમયે કાશ્મીરમાં ફિલ્મોનું શૂટિંગ થતું હતું, દર વર્ષે લગભગ સાતથી આઠ ફિલ્મોનું શૂટિંગ કાશ્મીરમાં થતું હતું, કાશ્મીરના સૌંદર્યને આ ફિલ્મોમાં જોવું તે પણ એક લહાવો છે, ૧૯૭૦ના દસક બાદ કાશ્મીરમાં ત્રાસવાદી પ્રવૃતિઓ વધી ગઈ હતી, અને ત્યાં શૂટિંગ ઓછા થતાં ગયા હતા. આજે કાશ્મીરમાં ફરી હિન્દી ફિલ્મોના શૂટિંગ થઈ રહ્યા છે, અને ભારતના નાગરિકો મુકત મને કાશ્મીરના સૌંદર્યને માણી રહ્યા છે. હવે ૧૯૬૫ના ફિલ્મી સફરમાં મુખ્ય બે ફિલ્મો, અને બીજી બે ફિલ્મો મળી ચાર ફિલ્મોની વાત જ બાકી છે, આગામી અંકમાં શશિ કપૂરની માઈલ સ્ટોન સંગીત મય ફિલ્મ સાથે મળીશું. આભાર હિતેશ જોશી ૨૫-૦૧-૨૬

# "વગર વાદળે વરસાદ વરસ્યો વરસાદ વરસ્યો ધોધમાર વરસ્યો"

આજના યુવાનો ગુગળાય છે. અખબાર ખોલીને જુઓ તો ચારેબાજુ ડ્રગ-દારૂ-નશાની દવાઓ પકડાય છે. પરંતુ કોઈ વિચારે છે કે શા માટે ?

એક છોકરાનું મનોચિકિત્સક કઉન્સલીંગ કરી રહ્યા હતા. છોકરો કહેતો હતો. નશાની ગોળીઓ મારે લેવી ન હતી. ઘરનું વાતાવરણ સ્વકેન્દ્રી હતું. એ પોતપોતાનાં મોબાઈલમાં લીન હતા. મારે જરૂર હતી. સ્નેહ, પ્રેમ, લાગણી મને અઢળક ચીજવસ્તુ પ્રાપ્ય હતી. પ્રેમ પ્રાપ્ત ન હતો. મમ્મી ત્રણ વરસ પહેલા કેન્સરથી ગુજરી ગયા હતા. પપ્પા એના બિઝનેસમાં હું કોઈકની ખોજમાં હતો.

આ તો એક માત્ર દાખલો છે પરંતુ આપણે સૌ સ્વકેન્દ્રી સ્નેહ વગરની દુનિયામાં જીવી રહ્યા છીએ. સુખ-સગવડનાં સાધનો ઘણા છે. પરંતુ અનેક ગણું મહત્વનું છે. ખરા સાચા સંબંધોનું માબાપોને સમજવાની જરૂર છે. પોતાનાં બાળ કોમાં રસ લે, પ્રશ્નો પૂછે કોણ મિત્રો છે ? દિવસ આખો શુ કરે છે ?બાળ કોને પ્રેમ આપો તો !

જે દેશ મિત્ર હતો. આજે દુશ્મન છે. કદાચ ત્રીજું વિશ્વ યુધ્ધ થાય તો જે આજે સારા માણસો છે તે આવતી કાલે ખરાબ બની જશે ? સમાજ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા ઉપર પુનઃ વિચાર કરવાની જરૂર છે. કેળ વણીએ સરકારનું ખાતું ભલે હોય પણ એ કેળવવાની શરૂઆત, ઘર, શેરી, સમાજથી થાય છે. દરેક માણસ કરોડપતિ ન બની શકે પણ ખરો સાચો માણસ સારો નાગરિક બની શકે. પણ ખરો સાચો સારો માણસ નાગરિક બની શકે. મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ ન બની શકે. પરંતુ મહાપુરૂષોનાં ચરિત્ર વાંચીને તેમના માર્ગે ચાલી શકે. આપણી જાગુત સંકલ્પ શકિતથી સફળ સાર્થક જીવન જીવી શકાય છે. સારા વિચારોનું વાવેતરથી શુભ પરિણામ આવે છે. સંત ફ્રાન્સીસની એક જયાં ધિક્કાર છે ત્યાં હું પ્રેમ વાવું. જયા નફરત, દ્વેષ થયો છે તે ઘાવમાં પાટો બાંધુ અંધકાર છે ત્યાં મીણબતી આપું કોઈ શોકમાં હોય તો હું એની પાસે જઈ આનંદનો પ્રસાદ આપું ' ખરેખર આવી સુંદર કવિતાઓ પાઠયપુસ્તકો આપવી જોઈએ જેથી સંસ્કારની ઘણી વાતો થઈ શકે. ઘણા વરસો પહેલાં એક પ્રસંગ વાંચ્યો હતો. આપવામાં જ આપણને મળે છે. સમા-પ્રેમના બદલામાં પણ !! આપણને મળે છે. વિસ્મયની દુનિયામાં પ્રેમ આપતા રહીએ મીઠાશ વાવતા રહીએ. એક દિવસ જરૂર લાગણીનાં ફૂલો મહેંકી

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




ડો. ધીરજકુમાર વ્યાસ

મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)

બગસરા


ઉઠશે. ત્યારે જીવનમાં સુખની સોડમ કેલાશે.

પ્રભુએ સુખનો ગજરો આપણા હાથમાં મૂકયો છે. આપણને આ સુંદર ફુલો જોતો સુંઘતા આવડતા નથી. તેથી જ અફસોસ અભાર રહે છે એક ભીખારી રસ્તામાં ભીખ માંગતો હતો. શરીર ઔષ્ઠવ સારૂ હતું. એક જણે પૂછયું આવુ સરસ શરીર ભગવાને આપ્યું છે. તો પછી ? ભીમારીએ કહ્યું હું ગરીબ છું. મારી પાસે કશુ જ નથી. પેલ સદ્‌ગૃહસ્થ કહ્યું ચાલ મારી સાથે સામે હોસ્પિટલમાં તને રૂપિયા અપાવું એક આંખના એક લાખ એક કીડનીના બે લાખ વગેરે પણ.. ભીખારી સંમત થયો નહિ. મતલબ કે ભગવાને આપણને કરોડો રૂપિયાનું કિંમતી શરીર આપ્યું છે છતાં આપણે કહીએ છીએ કે મારી પાસે કશું જ નથી..!

ભગવાને આપણને ઘણું સુખ આપ્યું છે પરંતુ આપણને મળેલ સુખની કિંમત કરતા નથી. એક વેપારી ખૂબ ધનિક હતો. તે ધનની પોટલી લઈ સુખની શોદામ નીકળ્યો હતો. રસ્તામાં એક આશ્રમ આવ્યો. ત્યાં સંત બહાર બેઠા હતા સંતની પાસે જઈ કહ્યું મારે સુખનો અનુભવ કરવો છે. તમારી પાસે એક કોઈ વિદ્યા છે. મને સુખનો અનુભવ કરાવી શકે ? સંતે કહ્યું બેસો. આરામ કરો પછી વાત કરીએ. પેલો વપારી નીચે ઓટા ઉપર બેઠો. સંતે ઝડપથી પેલી ધનની પોટલી લઈ દોડવા લાગ્યા વેપારી પકડવા આગળ ન આવ્યું સંત ઝડપથી દોડતા રહ્યા. પેલો વેપારી પાછળ પાછળ દોડતો રહ્યો એક ગામનું સફર ચકકર લગાવી સંત ઓટા પર બેસી ગયા. પેલો વેપારી હાંફતો હાંફતો આવ્યો એટલે સંતે પેલી પોટલી તેમની સામે ફેકી લઈ લે. તારો ખજાનો વેપારી પોટલી પકડી છાતી સાથે દબાવી આકાશ સામે જોઈ કહ્યું હે ભગવાન તારી કૃપા મારૂ ધન મને પાછું મળી ગયું. સંત સામે જોઈ કહ્યું આવું તમે મારી સાથે કેમ કર્યુ ? જિંદગીભરની આ કમાણી તમે લૂંટીને કેમ ભાગ્યા ? સંતે કહ્યું તમને સુખનો અનુભવ કરાવવા. તમે આ પોટલી મળતા કેવા ખુશ થઈ ગયા ? આ પોટલી ધન તમારી પાસે હતું જ પણ હવે તમારી પાસે જ છે. બન્ને સ્થિતિનું મૂલ્યાંકન કરો. તમે કેવા ખુશી થયા. વેપારીએ કહ્યું ખરેખર મારૂ ધન મને પરત મળી ગયુ એટલે હું ખુશ છું. ખૂબ સુખી છે. સંતે કહ્યું. પ્રભુ આપણી કરે છે. આપણી પાસે સુખ છે. પણ આપણે બીજાના સુખનો વિચાર કરી દુઃખી થઈએ છીએ. આપણી પાસે જે સુખ છે તે સુખની કદર કરો. સ્વીકાર કરો અને હંમેશા ખુશ રહી પ્રભુનો આભાર માનો. હે પ્રભુ તમે મને સુખ આપ્યુ છે હું તમારો છું હું કૃતરી છું. (અપૂર્ણ)

# 'સમજણ એ જ નારાયણ'

## "બિના ખિલૌનો કે બચપન ગુઝાર આયે હૈ, હમ અપને મન કો બહુત પહેલ માર આયે હૈ." - રાજેશ રેડ્ડી

આજે જ એક કારનાં દરવાજા પાસે દોડી જઈને ત્રણ બાળ કો કે જેની ઉંમર સાત-પાંચ-ત્રણ વર્ષની જ હશે. તેને એ કારનાં દરવાજા ખખડાવીને ભીખ માંગતા કરગરતા, કાંઈક પણ જો મળી જાય તો, થોડુંક પણ કામ બની જાય એ વેદના સાથે મથામણ કરતાં જોયાં કારમાંથી બેઠેલાં ચાર વ્યકિતઓમાંથી એકપણ માણસે દરવાજો ન ખોલ્યો, કે બારીનો કાચ પણ ન ઉતાર્યો, ત્યારે સૌથી નાનો બાળક કે જે ત્રણેક વર્ષનો હશે, તેને રડતાં જોઈને કાળજુ કંપી ગયું. અને રાત્રે બેસીને આ આર્ટીકલ લખાયો !

આવો તો સમાજમાં એક મોટો વર્ગ છે કે જેની હાલતની તેની કઠણાઈઓની આપણે કલ્પના પણ ન કરી શકીએ. (અને મહેસુલ પણ ન કરી શકીએ!) આ લોકો કેમ જીવન જીવતાં હશે ? અમીર માણસોનાં સંપન્ન વર્ગનાં બાળકોને સઘળું ઈચ્છે એ પહેલાં અને ઈચ્છા હોય તેનાંથી ઘણું વધારે ઈચ્છે એ પહેલાં અને ઈચ્છા હોય તેનાંથી ઘણું વધારે મળી જતું હોવાથી જ તેઓને જીવન




યોગેશ ભટ્ટ

(બી.એ.એલ.એલ.બી)

મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી


ચલેન્જીંગ નહીં પણ નિરસ લાગતાં હોય છે ! કંટાળાજનક લાગતાં હોય છે, બાકી સમાજ જેને પછાત, નબળો, તળીયાનો, છેવાડાનો કે હલકો ગણે છે. એ વ્યથાઓને, વીંટબણાઓને સમજવા કે ઉકેલવાવાળાં કેટલાં ? ગુજરાત તો હજું સમૃધ્ધ રાજય છે, કે જયાં નાનો માણસ પણ મહેનત કરે તો આરામથી પેટ પૂરતું કમાઈ લે છે, બાકી અન્ય રાજયોમાં તો રોજમદારો, મજુરોની હાલત ખૂબ જ દયનીય હોય છે ! અરે ! બે ચાર રૂપિયા રોજ મળે ને વળી આખો દિવસ મજૂરી કરવાની ! અરે ! ત્યાં સુધી વાંચેલુ છે કે પોતાનું લોહી વહેચીને અનાજ લઈ ખોરાક મેળવવાનો ! (એનુ ફરી તેનું લોહી બનાવવાનું !) શોષણ, અત્યાચાર અને બર્બરતા તો પછી બોનસમાં મળે !

દરરોજ રાત્રે નાગનાથ મંદિર, રામજી મંદિરે સુવિચાર લખવા જાઉ છું. ત્યારે બન્ને મંદિરે એક એમ.પી.નો મજુર મળે છે, સરસ હિન્દી બોલે છે, તેનું ધાર્મિક રપાન અને સમજણ પણ ઊંચી છે, મારી સાથે થોડીવારમાં ધર્મની, અધ્યાત્મની ઘણી વાતો કરી લે છે, અહિંયા માર્કેટિંગ યાર્ડમાં મજુરી કરે છે, સાયકલ લઈને, ભગવા વસ્ત્રોમાં જ મળે છે ! એક દિવસ મંદિરનાં ઓટે રડી પડયો કે વતનમાં મારી પત્નિ ગુજરી ગઈ, કોઈ તેણે પહેરેલાં બચાવેલા ઘરેણાં પણ તફડાવી ગયું. મને કહે કે એ મહાદેવની ભકત હતી, તમે પ્રાર્થના કરો કે મહાદેવ તેને પોતાનાં ચરણમાં સ્થાની આપે. હું તેની અમે મહાદેવ સામે શૂન્ય થઈ ને જોઈ જ રહ્યો.

**નવનીત :**

"મુસ્કુરાટે મિલા કે થોડી સી,
અપને અશ્કો કા ઝાયક બદલો."
– રાજેશ રેડ્ડી

# યુવા પ્રતિભા અને આર્થિક આઝાદી : બચતની આદત એ જ ઉજ્જવળ ભવિષ્યની

આજના ગતિશીલ યુગમાં, જયાં ટેક્નોલોજી અને તકોનો ધોધ વહી રહ્યો છે, ત્યાં આપણી યુવા પેઢી પોતાની પ્રતિભાથી વિ ગજવી રહી છે. પરંતુ, શું માત્ર પ્રતિભા અને ઊંચી કમાણી પૂરતી છે ? ના. જીવનના રણમાં જયારે મુશ્કેલીનો તડકો પડે છે, ત્યારે તમારી બચત જ તમને શીતળ છાંયો આપે છે. ઘણીવાર યુવાનો એવું માને છે કે "અત્યારે તો કમાવાની ઉંમર છે, જલસા કરી લો, બચત તો પછી થશે." પણ સત્ય એ છે કે જે નાણાં તમે બચાવો છો, એ જ નાણાં તમે ખરા અર્થમાં કમાઓ છો. તમારી પહેલી સેલરી હોય કે પહેલો બિઝનેસ પ્રોફિટ, તેમાંથી એક નાનો હિસ્સો અલગ રાખવો એ તમારી સફળતાનો પાયો છે.

નથી હોતી કોઈ મંઝિલ અઘરી મહેનત કરનારા માટે,
રસ્તો આપોઆપ ખુલે છે હિંમત રાખનારા માટે.
ધન જેણે સાચવ્યું છે સમયના વહેણ સાથે,
કદી હાથ નથી ફેલાવવો પડતો એણે દુનિયા સામે.

એક ઉંદર દરરોજ મહેનત કરીને અનાજના દાણા ભેગા કરતો. બીજા ઉંદરો તેને કહેતા, "તું પાગલ છે, અત્યારે તો આટલું બધું ખાવાનું મળે છે, તારે સંગ્રહ કરવાની શું જરૂર ?" પણ પેલો ઉંદર માનતો નહીં. એક સમયે ભયંકર દુષ્કાળ પડ્યો ત્યારે જે ઉંદરોએ મોજ-મજા કરી હતી, તેઓ ભૂખે મરવા લાગ્યા. પણ પેલો 'સંચયી' ઉંદર પોતાની બચતના જોરે આખું વર્ષ શાંતિથી જીવ્યો. તમારી પ્રતિભા તમને આજે સોનાની મહોરો અપાવશે, પણ તમારી 'બચત કરવાની આદત' એ મહોરોને ભવિષ્યની સુરક્ષામાં ફેરવશે.

યુવા પ્રતિભાઓ માટે આર્થિક વ્યવસ્થાપનનો શ્રેષ્ઠ નિયમ ૫૦/૩૦/૨૦નો છે. જેમાં ૫૦% જરૂરિયાત માટે, ૩૦% ઈચ્છાઓ માટે અને બાકીના ૨૦% બચત અને રોકાણ માટે રાખવા જોઈએ. જો તમે આ ૨૦% ને અત્યારથી શિસ્તબદ્ધ રીતે રોકાણ કરશો, તો 'કમ્પાઉન્ડિંગ' એટલે કે ચક્રવૃદ્ધિ વ્યાજનો જાદુ તમારા માટે કામ કરશે. બચત માટે



કટોકટી ભંડોળ બનાવવું, દેખાદેખીથી બચવું પોતાની સ્કિલ્સમાં રોકાણ કરવું અને નાની ઉંમરે વીમો લેવો એ ખૂબ જરૂરી છે. બચત એ કંજૂસી નથી, પણ એક શિસ્તબદ્ધ આયોજન છે.

રોકાણના પ્રકારોની વાત કરીએ તો યુવાનો પાસે સેથી મોટી મૂડી 'સમય' છે. શેરબજારમાં બ્લુ ચિપ કંપનીઓના શેર લઈને દેશની પ્રગતિમાં ભાગીદાર બની શકાય છે. જો તમારી પાસે બજારનો ઊંડો અભ્યાસ ન હોય, તો મ્યુચ્યુઅલ ફંડમાં SIP (Systematic Investment Plan) દ્વારા દર મહિને નાની રકમથી શરૂઆત કરી શકાય છે. ઈન્ડેક્સ ફંડ એ લાંબા ગાળા માટે સુરક્ષિત વિકલ્પ છે. આ ઉપરાંત, સોનામાં રોકાણ કરવા માટે હવે ફિઝિકલ ગોલ્ડને બદલે ડિજિટલ ગોલ્ડ કે સોવરિન ગોલ્ડ બોન્ડ વધુ ફાયદાકારક છે.

પંચતંત્રની એક વાત યાદ રાખવા જેવી છે – 'બુદ્ધિ જેની બળ તેનું'. એક વાર્તામાં ચાર મિત્રો પાસે પુસ્તકનું જ્ઞાન હતું પણ વ્યવહારૂ બુદ્ધિ નહોતી, જેના કારણે તેઓ મુશ્કેલીમાં મુકાયા. તમારી પાસે ગમે તેટલી ડિગ્રી હોય, પણ જો તમને 'મની મેનેજમેન્ટ' કરતા નથી આવડતું, તો તમે આર્થિક કટોકટીમાં ફસાઈ શકો છો. ખાસ કરીને ફુગાવો (Inflation) તમારા પૈસાનો છુપો દુશ્મન છે. જો તમારા પૈસા માત્ર સેવિંગ્સ એકાઉન્ટમાં પડ્યા રહેશે, તો તેની કિંમત ઘટતી જશે. માટે પૈસાને કામ પર લગાડવા જરૂરી છે.

યુવા પ્રતિભાઓએ ક્રેડિટ કાર્ડની જાળથી બચવું જોઈએ અને હંમેશા ગોલ બેઝ્ડ ઈન્વેસ્ટિંગ પર ધ્યાન આપવું જોઈએ. તમારે ઘર લેવું હોય, ગાડી લેવી હોય કે રિટાયરમેન્ટનું પ્લાનિંગ કરવું હોય, દરેક માટે અલગ ફંડ હોવું જોઈએ. બચત એ તમારી સ્વતંત્રતાનો પાસપોર્ટ છે. જયારે તમારી પાસે પૂરતી બચત હશે, ત્યારે તમે તમારી પ્રતિભાને ખીલવવા માટે કોઈ પણ જોખમ લઈ શકશો.

નથી નસીબમાં જે, એ મહેનતથી મેળવી શકાય છે,
ધીરજ અને બચતથી નવું નસીબ લખી શકાય છે.
ખર્ચી નાખશો બધું તો કાલ કોરી ધાકડ જશે,
વાવી જોશો જો થોડું તો કાલે લણણી કરી શકાય છે.

'સૂત્રધાર' તરીકે મારો ઉદ્દેશ્ય તમને જાગૃત કરવાનો છે. આજે જ પ્રતિજ્ઞા લો કે ખર્ચ કર્યા પછી જે વધે તે બચાવવાને બદલે, પહેલા બચત કરશો અને પછી જે વધે તે ખર્ચ કરશો. તમારી અત્યારની નાની બચત એ ભવિષ્યની મોટી સ્વતંત્રતા છે.

**તસવીર સાજન્ય :– દીપ્તિ મહેતા**




ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા

અમરેલી મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯

# ॥ રામ લખન સિય રૂપ નિહારી, કહહિં સપ્રેમ ગ્રામ નરનારી ।

## અહૈતુક કૃપા



પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૮૨૨૬૪ ૫૫૩૫૮ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય: પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)



સમય સે કોઈ પત્ર નહીં દિયા. ઈસ તરહ ધીરે ધીરે કરતે દેંગે તો ફિર મૈં ક્યા કરૂંગી ? મૈં તે અભી છોટી હું ક્યા આપે મેરી ગલ્તિયોંકો ક્ષમા નહીં કરેંગે ? આપકી તબિયત કે બારેમેં ભી હંમેશા ચિન્તા બની રહતી હૈ. આપ જો ચાહે સો કરના પર છોડ નહી દેના.

જો કરણી સમજે પ્રભુ મેરી, નહીં નિસ્તાર કલ્પશત કોરી.

જન અવગુણ પ્રભુ માન ન કાઉ, દીનબંધુ અતિ મૃદુલ સુભાઉ.

મૈં જાનતી હું કિ સેવક પર આપકે અધિક મમતા યા પ્રેમ રહે યહ સ્વાભાવિક હૈ, ઈસીલિયે જિસકી સેવાસે આપકો સંતોષ મિલતા હૈ ઉન લોગોંકો સદૈવ સાથ રખના સહજ હૈ ઔર યહ ગુણ મુઝમેં હૈ નહીં. ઈસી કારણ મૈં સાથમેં નહીં રહે પાતી હૂં. વારંવાર મારી ન્યૂનતાના વિચાર આવતા. મનમાં એક જ ડર રહેતો હોવાથી લખાઈ જતું કે, "ભગવાન જેસી ભી હું આપકી હું આપ મુઝે છોડ નહીં દેના."

કપટી કૂટિલ મોહિ પ્રભુ ચીન્હા, તાતે નાથ સંગ નહિં લીન્હા.

ભગવાન નારાયણ સરોવર પછી ફરતાં ફરતાં વૃંદાવન થઈ જયપુર પધાર્યા. તે પહેલાં મારો પત્ર મળી ગયો હશે તેને પ્રત્યુત્તર આવ્યું.

શ્રી રામચંદ્રાય નમ :

પ્રિય મેરી રમા સાદર આસીસ

(૧) મૈં તુમકો છોડના ચાહતા હૂં યહ તુમારા નિતાન્ત ભ્રમ હૈ ઔર બાલક જૈસે વિચાર હૈ. મેરી ધારણા પક્કી હૈ કિ તુમ મેરી હો, રહોગી ઔર થી.

(૨) દેવાસમેં મુઝે તુમસે પૂર્ણ સંતોષ રહા. યહ મેરા મન બરાબર સ્મરણ કરતા રહતા હૈ. યદિ તુમકો વિશ્વાસ ન હો તો મેરે પાસ સિવાય મન કે ઔર પુરાવા નહીં હૈ.

(૩) વૈસે તુમ જો ચાહે કહે પર મુઝે યહ કલંક ન દો કિ મૈં તુમસે સ્નેહ નહીં કરતા ત્યાં છોડના ચાહતા હું.

(૪) કેવલ પત્ર ન દેને સે તુમને અપને મનકે દુ:ખકી પરાકાષ્ટા પર પહુંચા દિયા. યહ સમજ ન સક્કી કિ મૈં તુમકે કિતના ચાહતા હું

(૫) તુમકો યહ બિલ્કુલ જમ ગયા હૈ કિ મૈં ઔરોં કે સાથ

રામચંદ્ર પતિ તો સો વૈદેહી, મહિ સોબત બિધિ, બામ ન કેહી ।

રખતા હું ઔર ઉનસે પ્રેમ કરતા હૂં યહ સરાસર જૂઠ હૈ તુમ જે દેખતી હૈ વહ કેવલ હઠકા પરિણામ હૈ.

યદિ ઈસ પ્રકાર તુમ કરે ઐર ઉલઝન પૈદા કરે તે તુમ ભી ચલે ઔર ખૂબ રાગ દ્વેષ ઈર્ષામેં જલે. મુઝે કુછ નહીં કહના હૈ.

પત્ર વાંચી ખૂબ જ ગદ્‌ગદ્ થઈ ગઈ. આવા દયાળુ દેવ બીજા કોણ હોઈ શકે ?

દીનકો દયાલુ દાની દૂસરે ન કોઈ

ભગવાન સીધા ગલતાજી પધારેલા સાથે એક બહેન તથા ભાઈ હતા. તે ભાઈ ભગવાનની ગાડી લઈ રાત્રે ઘેર આવ્યા. તે દિવસેમાં જયારે પણ કોઈ રાત્રે ભજન ગાતા રડતી ત્યારે બીજા દિવસે ચોક્કસ ભગવાન પધારતા અથવા મને બોલાવવાના ખબર આવતાં. તે પ્રમાણે આજે રાહ જોતી જ હતી. રાત્રે અચાનક તે ભાઈને જોઈને ખૂબ જ ખુશ થઈ તેઓની સાથે ગાડીમાં ગલતાજી ગઈ ભગવાન આરામ કરી રહ્યા હતા. સવારે દર્શન થતાં મને પૂછ્યું, "પત્ર મિલ ગયા ?" પછી જણાવ્યું કે, "નારાયણ સરોવરસે તુમ્હે દો પત્ર લિખે થે, પોસ્ટ કરનેકે થે, મેરે ગરમ કોટકી જેબમેં રખે થે તો એક દિન ટાંગેમેં વહ કોટ રહ ગયા. ઉસમેં વહ પત્ર ભી ગયે. ઈસીલિયે તુમ્હે પત્ર નહીં મિલે." થોડીવાર રોકાયા બાદ ભગવાન આગળ જવા નીકળી ગયા.

(૫૬) રઘુપતિ કૃપા મર્મ સબ પાવા

દેવાસથી છૂટા પડતી વખતે સાગર નેત્રયજ્ઞમાં આવવાની મને ના કહેલી. ત્યારે મેં કહેલું, " ભગવાન નેત્રયજ્ઞમેં બો સબ કોઈ આતે હૈ ફિર આપ મુઝે ક્યોં મના કરતે હૈં ?" તે કહેલું, "ઉન લોગોંકો અચ્છા નહીં લગેગા. કિયોંકિ અભી તુમ મેરે સાથ એકાંતમે થી ના ?" તે સાંભળી મને દુ:ખ થયું. મૈં કહ્યું, " ભલે ભગવાન આપ ના કહતે હો તો મૈં નહીં આઉંગી. પરંતુ આપને મુઝે જો કારણ બતાયા ઉસસે

રામ સીય મહિ શયન નિહારી, ભયો બિષાદ નિપાદહિં ભોરી ।

મુઝે દુ:ખ હોતા હૈ કારણ મેરા જીવન ઉન લોગોંકે લિએ" હૈ યા આપકે લિયે ? છેવટે કહ્યું, "ઠીક હૈ રમા, પરંતુ મેરી બાત માને તુમ નહીં આના." જેથી હવે નેત્રયજ્ઞમાં તો જવાનું હતું નહીં. જયપુરથી મારા બા નેત્રયજ્ઞમાં ગયા. હવે તો જવાબદારીથી કામ સંભાળવાનું હતું અને યથાશકિત નિયમ કરતી. લગભગ વીસ દિવસ બાદ નેત્રયજ્ઞમાંથી બા આવ્યા. તેમણે ત્યાંના બધા ખબર આપ્યા.

ત્યારબાદ હું જોધપુર ભગવાન પાસે રામનવમીના ઉત્સવ પર ગઈ. હું સાંજે પહોંચી. ભગવાન બીજા દિવસે સવારે પધાર્યા. નિયમ પ્રમાણે જયપુરથી નીકળી ત્યારથી પાણી પીધું નહોતું. પૂજન માટે રાહ જોતી હતી. એક બહેને કહ્યું, "રમા, ભગવાને ત્રણ મહિના માટે કોઈને સ્પર્શ ન કરવાનો નિયમ લીધો છે તુ પૂજા કરવા જાય ત્યારે અજાણ રહીને જ ચરણસ્પર્શ કરી પૂજા કરી જોજે." હવે તો ધીરે ધીરે અનુભવથી બધાના સ્વભાવનો પરિચય મળી ગયેલો. જયારે પણ સારી રીતે તેઓ બોલે ત્યારે સમજાય જતું કે જરૂર કાંઈક કારણ હશે.

આગે કહ મૃદુ બચન બનાઈ પાછે અનહિત મન કુટિલાઈ.

લગભગ બપોરે બારની આસપાસ ભગવાને પૂજા માટે બોલાવી. મારા મનમાં અજાણ્યા બની પૂજા કરવાનો ભાવ નહોતો પણ ભગવાનના કહ્યા વગર તે નિયમ મારા માટે શા માટે લાગુ કરૂં ? તે ભાવથી ચર સ્પેશ કરી ચરણામૃત લેવા જતાં ભગવાને ચરણ હટાવી લેતા કહ્યું, "રમા. ખબર મળી ગયેલા મને તીન મહિને કે લિયે નિયમ લિયા હૈ." મને ખબર મળી ગયેલા તે મેં જણાવ્યું તો કહ્યું ' 'દેખા ના કિતની ચાલાક હૈ તુમ સાવધાન રહના."

મેં કહ્યું, "ભલે ભગવાન મૈં આપકા નિયમ નહીં તોડુંગી ઐસ નિયમ છૈંક્યોં લિયા ?" પરંતુ એક બાત પૂછું કિ આપને જણાવ્યું, " સાગરમેં બહુત હી ઝગડા નહીં હોતા થા. અચ્છા હુઆ તુમ નહીં આઈ." મેં કહ્યું, "ભગવાન, યદિ ઝગડાકે હિસાબસે યહ નિયમ હોના ચાહિયે ના ? મુઝે તો આપને સાગર આને કો ફિર ભી યહ નિયમ મેરે લિયે ? યહ તો "ઓર કરે અપરાધ કોઈ ઔર પાવ ફૂલ ભોગ" ભગવાને કહ્યું, "રમા એક કે લિયે નિયમ રખૂંગા ઔર દુસરે કે લિયે નહીં તો દંભ કહા જાયેગા ના ? મેં કહ્યું, " ઠીક હૈ

રામ બ્રહ્મ પરમારથરૂપા, અવિગત અલખ અનાદિ અનૂપા ।

મૈં નિયમ નહીં તોડૂંગી" દૂરથી પૂજન કરી લીધા બાદ પ્રણામ કરતાં પીઠ પર બે ત્રણ ધબ્બા મારી દીધા. મેં કહ્યું, "ભગવાન આપકા નિયમ તૂટ ગયા ?" તો કહ્યું, "પ્રેમમેં નેમ નહીં" સર્વશકિતમાન પ્રભુ નિયમ લઈ પણ શકે છે અને તોડી પણ શકે છે. મને લખી આપ્યું, "સ્પર્શકી બાત ઉસે ન કહના. વહ બડી ચાલાક હૈ, બસ સાવધાન રહના."

પૂજન કરી જમીને આવ્યા બાદ બપોરે હોલની એક દિવાલને અડીને ભગવાન પાટ પર બિરાજતા હતા. હું સામેની દિવાલને ટેકે લઈ દૂર બેઠી હતી. પેલા બહેન મારી બાજુમાં આવીને બેઠા. તેઓ ભગવાનથી આટલે દૂર અને તે પણ મારી પાસે કદી બેસે નહીં. આ જોઈ ભગવાને તરત ચિઠ્ઠી લખી મોકલી.

દેખે.... તો ઠીક પર.... સે તુમારા પ્રેમ હો ગયા હૈ સાવધાનીસે સ્નેહ નિભાના મેરે કો દુ:ખ પહોંચે એસી કોઈ અપને દો કી બાત ન દેના કર ઔર યહ મેરે લિયે કાગજ ફાડ દેના યા સુરક્ષિત રખના પહલે જૈસી ભોલી ન રહના."

કારણ મારા ઘણાં પત્રો ચોરી લેવામાં આવતા. મેં આ પહેલાં પણ મારા વિષે તેઓએ કરેલ ઝઘડાની યાદ લખી જણાવી. જવાબમાં લખ્યું, " ઈસીસે તો મૈં કહતા હૂં કિ મેરા કહના કરો."

શઠ સુધરત સતસંગસે, ચતુર સુભાવ ન જાય. ખલકી પ્રીતિ યથા શિર નાહીં......

આ રીતે દરેક પ્રસંગમાં ભગવાન પરમકૃપા કરી મારા હિત માં મને જાગૃત કરતા રહેતા.

## *હાઇ બ્લડ પ્રેશર*

આજથી લગભગ દોઢ વર્ષ પહેલા રવીભાઇ( દર્દીનું નામ બદલાવેલ છે) કરીને દર્દી મારી પાસે દવા લેવા આવ્યા હતા, રવીભાઇ માર્કેટીંગ યાર્ડમાં કમીશન એજન્ટનું કામ કરતા હતા, રવીભાઇની ફરીયાદ પાચનને લઇને હતી, જમ્યા પછી પેટ ખુબ ભારે લાગે, ખાટા-તીખા ઓડકાર આવે, આખો દીવસ એસીડીટી જેવુ લાગે, માથું ભારે લાગે ક્યારેક માથુ ભમ્યા કરતું હોય એવું લાગે. મે રવીભાઇનું બ્લડ પ્રેશર ચેક કર્યુ તો ૧૫૦/૧૦૦ આવ્યું (નોર્મલ ૧૨૦/૮૦ ) , મે રવીભાઇને કહ્યુ કે તમે બીપી માટે કોઇ દવા લો છો ? તો કે ના સાહેબ બીપી મારે બરાબર જ આવે છે, ડોક્ટર પાસે કે હોસ્પીટલ જાવ એટલે ગભરાટને લીધે વધી જાય છે અને આ ગેસને એવું ઓછુ થઇ જાય એટલે બરાબર જ આવે છે. મોટાભાગના દર્દીઓમાં આવી જ ગેરસમજણ હોય છે કે ડોક્ટર પાસે/હોસ્પીટલ જાય એટલે બીક ને લીધે બીપી વધી જાય છે બાકી મને બીપી જેવું કાઇ છે જ નહી ! આવી ગેરસમજણ જ આગળ ઉપર બહુ મોટી મુસીબત બનતી હોય છે.

મેં રવીભાઇને બીપી માટે દવાઓ નીયમીત લેવાનું સમજાવ્યુ પણ તેને મારી વાતમાં બહુ ગંભીરતાનો દેખાણી અને એ વાતનું જ રટણ ચાલુ રાખ્યુ કે ગેસ સીવાય મને કોઇ તકલીફ જ નથી.

આજ થી પંદર દીવસ પહેલા એક ભાઇને ઉચકીને મારા રૂમમાં લાવ્યા, મે ધ્યાન પુર્વક જોયુ ત્યારે ખબર પડી કે આ તો રવીભાઇ છે. એમના પત્નિ પણ સાથે હતા તેમણે જે વાત કરી તે આ પ્રમાણે હતી બે મહીના પહેલા રવીભાઇ તેમની યાર્ડની ઓફીસે હતા ત્યારે અચાનક બેહોશ થઇને પડી ગયા. અચાનક રવીભાઇ ને શું થયુ કોઇ ને ખબર નો પડી તાત્કાલીક ૧૦૮ને બોલાવી હોસ્પીટલ લઇ ગયા. હોસ્પીટલ માં ડોક્ટરે તપાસ્યા તેમના હાથ-પગનું હલન-ચલન જોતા જણાયુ કે હાથ-પગ બિલકુલ હાલતા નથી. ડોક્ટરે તપાસ



ડો. ભાવેશ કે. મહેતા
મો.૯૪૨૬૨ ૮૫૯૦૮ / ૮૫૯૯૦૯૯૯૮૦૭ e-mail:drbkmehtarmo@gmail.com

કરીને કહ્યુ કે બ્લડપ્રેશર ખુબ વધી જવાને કારણે મગજની નસોને નુકશાન થયું છે. કદાચ નસ ફાટી જવાને કારણે હેમરેજ થયું છે. દવાથી બ્લડપ્રેશર તો કાબુમાં આવશે પરંતુ પેરાલિસિસમાંથી સાજા કરવા ખુબ મુશ્કેલ છે. પંદર દિવસ પછી રવીભાઇ ને હોસ્પીટલમાંથી રજા આપી દીધી પરંતુ હાથ-પગ હજુ કામ કરતા નતા. કોઇ તેમના સગાએ સલાહ આપી કે પેરેલીસીસ માટે તમે પંચકર્મ કરાવો એટલે રવીભાઇ ને મારી પાસે લાવ્યા હતા. મે તેમને બરાબર તપાસ્યા રવિભાઇ સાવ પરવશ અને નિસ્તેજ થઇ ગયા હતા તેમના મોઢા ઉપર મને પશ્ચાતાપ દેખાતો હતો એવું લાગતુ હતુ કે તે મને એવું કહેવા માંગતા હતા કે દોઢ વર્ષ પહેલા તમારી વાત માનીને બીપીની દવા શરૂ કરી હોત તો આજે હું સ્વસ્થ હોત. મિત્રો વિચારો રવીભાઇ એકલા જ કમાવા વાળા હતા, હજુ છોકરાવ પણ નાના હતા આવામાં એક મધ્યમવર્ગીય પરીવારની હાલત શું થાય ?

દર વર્ષે રવીભાઇ જેવા હજારો લોકોને અચાનક પેરલિસિસનો હુમલો આવે છે. અને એક વ્યકિતને લીધે આખુ કુટુંબ હતુ-નતું થઇ જાય છે. આપણા સમાજમાં હજુ પણ બ્લડ્પ્રેશરને લઇને લોકોમાં ખુબ ગેર માન્યતાઓ છે. બ્લડપ્રેશરની આ સીરીઝમાં આપણે બીપીને વૈજ્ઞાનિક રીતે સમજવાનો પ્રયત્ન કરીશુ અને લોકોના મનમાં પ્રવર્તતી ગેરમાન્યતાને દુર કરીશું.

જે રીતે આપણા ઘરોમાં પાઇપ વાટે પાણી પહોચે છે. એ જ રીતે આપણા શરીરના દરેક અંગોમાં રકતવાહિનીઓ વાટે લોહી પહોચે છે. પાઇપના છેક છેવાડાના ભાગ સુધી પુરતું પાણી પહોચે એ માટે પાણીને ચોક્કસ ઉંચાઇએથી ચોક્કસ પ્રેશર હેઠળ મોકલવામાં આવે છે. એ જ રીતે શરીરના દરેકે દરેક અંગને પુરતું લોહી પહોંચી શકે એ માટે લોહીને પણ ચોક્કસ પ્રેશરથી હદય ધક્કો મારે છે.શરીરના દરેક અંગ સુધી લોહી પહોચાડવા માટેના ચોક્કસ પ્રેશરને જ બ્લડ્પ્રેશર કહેવાય છે.

ભૌતિક શાસ્ત્રની ભાષામાં કહીએ તો, રકતવાહિનીઓની દિવાલ પર લોહી દ્વારા લાગતું દબાણ એટલે બ્લડ્પ્રેશર. જયારે હદય સંકોચાઇને લોહીને રકતવાહિનીમાં ધકેલે છે ત્યારે તત્પુરતું આ દબાણ વધી જાય છે, જે બદલાય છે અને એટલે જ દરેક માણસનું બ્લડપ્રેશર સિસ્ટોલિક (ઉપરનું) અને ડાયસ્ટોલિક(નીચેનું) એમ બે આંક્ડાઓમાં મપાય છે.

તંદુરસ્ત માણસનું બ્લડપ્રેશર કેટલું હોવું જોઈએ ?

તંદુરસ્ત માણસનું સરેરાશ બ્લડપ્રેશર આશરે ૧૨૦/૮૦ મિ.મિ.મર્ક્યુરિ કરતાં ઓછું હોય છે.

| | સિસ્ટોલોક બ્લડપ્રેશર | ડાયસ્ટોલિક બ્લડ પ્રેશર |
|---|---|---|
| આદર્શ સ્થિતિ | ૧૨૦ કરતાં ઓછું | ૮૦ કરતાં ઓછું |
| પ્રિ-હાઇપરટેન્શન | ૧૨૦ થી ૧૩૯ | ૮૦ થી ૮૯ |
| પ્રથમ તબક્કો | ૧૪૦ થી ૧૫૯ | ૯૦ થી ૯૯ |
| બીજો તબક્કો | ૧૬૦ થી વધારે | ૧૦૦ થી વધારે |

સિસ્ટોલિક કે ઉપરના બ્લડપ્રેશર તરીકે ઓળખાય છે. હદયના બે ધબકારા વચ્ચેના સમયમાં પણ લોહીનો પ્રવાહ તો સતત વહેતો જ હોય છે. આ સમયના લોહીના દબાણને ડાયસ્ટોલિક અથવા નીચેનું બ્લડપ્રેશર કહેવાય છે. આમ, લોહીનું દબાણ હદય ધબકે ત્યારે અને બે ધબકારની વચ્ચે આ જ મુલ્યો ૧૪૦ (ઉપરનું) અથવા ૯૦(નીચેનું) થી વધારે હોય તો 'વ્યકિતને હાઇ બ્લડ પ્રેશર છે' એમ કહેવામાં આવે છે. અર્થાત ઉપરનું બ્લડ પ્રેશર ૧૨૦ થી ૧૪૦ વચ્ચે હોય અથવા નીચેનું બ્લડ પ્રેશર ૮૦ થી ૯૦ વચ્ચે હોય તો તે અવસ્થાને પ્રિ-હાઇપરટેન્શન કહેવામાં આવે છે. આવી વ્યકિતઓએ સમયસર સચેત થઇ જીવનપધ્ધતિમાં પરિવર્તન કરવું જરૂરી છે; નહિતર નજીકના ભવિષ્યમાં હાઇ બ્લડ પ્રેશર થવાની શક્યતા ખુબ જ વધી જાય છે.

પુખ્ત વયની વ્યકિતઓ માટે લોહીના દબાણનું વર્ગીકરણ

**મર્મ બિંદુ :** તેલને તાણ ઘટે, તો જ હદયરોગ મટે. (ક્રમશ)

# અમરેલી જિલ્લાના કેરીયા (લાઠી)ના વતની તસ્વીર કલાકાર અરજણભાઈ રાસડિયા



તસવીરને રસાનંદમયી સાધનાથકી કલાકીય ઉચ્ચતા અર્પનાર અરજણભાઈ રાસડિયાએ ગુજરાતી કલાક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ગુજરાતી ચેતનાને એમણે વિવિધ સ્તરે તસવીર કલામાં પ્રાણવંત કરી છે. કચ્છની સાંસ્કૃતિક ચેતના, સૌરાષ્ટ્રની ભૌગોલિક સમૃદ્ધિ, ડાંગની નૈસર્ગિક સંપદા, ઈડર અને ઉત્તર ગુજરાતની પાષાણવિવિધા, કબૂતરની ક્રિયાત્મક ગતિવિધિ, સંધ્યાની રંગછટા એમના પ્રમુખ વિષયો રહ્યા છે. અનેકવિધ વિષયમાં કલાકીય ઉત્કૃષ્ટતા સિદ્ધ કરીને ગુજરાતના ખ્યાત કલાધર્મી તરીકેની એમણે આગવી નામના પ્રાપ્ત કરી છે.

તેઓ બાળપણથી જ કલાપ્રેમી. કુદરતની સાહજિક સૌંદર્યલીલાએ એમના હૈયાને સમૃદ્ધ કર્યું છે. લાઠીમાં જન્મેલા આ કલાકારે આજીવન નૈસર્ગિક રમણા, એની લીલા અને આચ્છાદનની માયાના જે અનંત આયામો છે તેમને પોતાનો આ સ્વાદનનો, રસનો, આનંદનો અને રૂચિનો આધાર બનાવ્યો છે. સહજ રીતે બાલ્યવયથી જે સૌંદર્ય ચિત્તમાં ઘૂંટાતું, રસિત થતું અને પ્રેરતું હતું તે પછીથી તસવીરકલા તરીકે રૂપાયિત થયું. એ કલાગત અભિવ્યક્તિનું માધ્યમ છે, સહજ પ્રસ્તુતિ છે, સંચિત થયેલો જીવનાધાર છે. કલાપ્રીતિ જ એમને શેઠ સી. એન. કાલેજ આવ્ ફાઈન આર્ટ્સમાં અભ્યાસ કરવા પ્રેરે છે. કલાનું શિક્ષણ લઈને અરજણભાઈ રાસડિયા વિખ્યાત શેઠ સી. એન. વિદ્યાલયમાં કલાશિક્ષક તરીકે જોડાયા. કલાને આગવી રીતે વ્યક્ત કરવાની, વિશેષ દષ્ટિકોણથી મૂલવવાની અને નવતર રીતે શીખવવાની એમની ક્ષમતાએ અનેક વિદ્યાર્થીઓ તૈયાર કર્યા. તેમને લાગ્યું કે કલા શીખવવા માટે નિજી, નિરાળી અને પ્રભાવક રીતિ છે. એટલે જ એમણે અનેક કલારસિક લોકોને કલાજ્ઞાન આપ્યું. એમાંથી ઘણા કલાકારો તૈયાર થયા. ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ તો સ્વકીય પ્રદર્શનોનું આયોજન પણ કર્યું! કલાગુરૂ તરીકેની આ સિદ્ધિ નોંધપાત્ર છે.

તેઓએ તસવીરકલાનું અકેડેમિક કહી શકાય તેવું પદ્ધતિસરનું શિક્ષણ લીધું નથી. બસ, કલાકાર તરીકેની સંવેદના અને આગવી દષ્ટિને કારણે તેઓ તસવીર કલા તરફ આકૃષ્ટ થયા. મૂલતઃ તો વિદ્યાર્થીઓને ચિત્રકલાનું જ્ઞાન આપે. પરંતુ ચિત્રકલામાં અનિવાર્ય હોય એ કમ્પોઝિશન, પર્સ્પેક્ટિવ, હાર્મની જેવાં અંગોની સમજ થકી જ એમનામાં તસવીરને કલા તરીકે અપનાવવાની ખેવના જાગી. કમેરા લેવાની ઈચ્છા ઘણા સમયથી મનમાં ઘૂંટાયા કરે. આર્થિક રીતે પહોંચવી વળાય એવી ક્ષણ આવતાં કમેરા લીધો અને પછી તો અદમ્ય ઈચ્છારૂપ ઘટ્ટ થયેલી કલાએ સતત વહેવા માંડ્યું. એમણે વ્યક્તિગત આઠ જેટલાં પ્રદર્શનો માત્ર તસવીર કલાનાં યોજયાં. એને સારો પ્રતિભાવ સાંપડ્યો. કલાકૃતિઓ વેચાવા લાગી. એ રીતે યાત્રા દિનપ્રતિદિન વિકસતી-વિલસતી રહી.

ફોટો આર્ટિસ્ટ માટે સૈથી વધારે સબળ હોવી જોઈએ દષ્ટિ અને સ્થળપરક સંવેદનશીલતા. કલાકારની જેમ એનામાં કલ્પના ન હોય તો ચાલે, કેમકે એણે કામ લેવાનું છે વાસ્તવ પાસેથી. પરંતુ, વાસ્તવનાં સૌંદર્યસ્થાનો શોધી કાઢવાની દષ્ટિ એની પાસે હોવી જોઈએ. આંખે દેખાતું તમામ સૌંદર્ય એ ફોટોગ્રાફરનો વિષય નથી. એણે તો સૌંદર્ય જયાં ઘનીભૂત થયું હોય એવું વિશિષ્ટ રૂપ પોતાના કેમેરાનો વિષય બનાવવાનું હોય છે. એના માટે એણે કેમેરાની પરિભાષામાં જેને કમ્પોઝિશન, અગલ, લાઈટ, ફ્રેમ જેવા શબ્દો અને અપ્રયાસો સાથે કામ પાર પાડવાનું હોય છે. આ બધું કલાગત સંસ્કારોને કારણે સિદ્ધ થતું હોય છે, જે અનિવાર્ય છે. અરજણભાઈ રાસડિયા પાસે સ્વતઃ સિદ્ધ થયેલી આ કલાસિદ્ધિ છે, એટલે જ એમની દરેક તસવીર ગતિશીલ, પ્રાણવંત અને બહુઆયામી લાગે છે. એમાં ઝડપાયેલી કોઈ ક ક્ષણ શાશ્વતીનું પ્રતિનિધિત્વ કરતી હોય એમ જ લાગે !

તેઓ એ કલાકારની સંવેદનાગત જરૂરિયાત તરીકે તસવીર કલામાં અભિવ્યક્ત થવાનું સ્વીકાર્યું. બસ, અફાટ સૌંદર્ય રાશિને કલામાં આગવું પરિમાણ આપવાની નિજી આવશ્યકતા અને એ આવશ્યકતા સિદ્ધ કરવા માટેની અદમ્ય મથામણ. કલાગત આવી મથામણોએ સારૂ પરિણામ આપ્યું. કચ્છની ભાતીગળ સંસ્કૃતિની બહુ પરિમાણીય લોકચેતનાને એમણે પોતાની અભિવ્યક્તિનું માધ્યમ બનાવ્યું. લોકોની સહજતા, સ્વાભાવિક ચેષ્ટાઓ, રંગરાગમય રીત રિવાજો, સાદગીમાં પણ મહેકી ઊઠતું સૌંદર્ય એ એમના વિષયો રહ્યા. પરંતુ, નોંધનીય બાબત એ છે કે એ રીતે કેમેરા ઝડપાયેલ ક્ષણો એકાંગી નહિ, અનેકાંગી કલાકીય માવજત પામેલાં હતાં. સાંસ્કૃતિક પરિવેશમાં એની અખિલાઈ સાથે પ્રગટેલું માનવીય સૌંદર્ય અરજણભાઈની પહેલી નિસબત બની રહી. પછીથી તો માનવઊર્જાના અંગ તરીકેના સાંસ્કૃતિક પ્રવાહો સૌરાષ્ટ્ર સુધી લંબાયા અને વિસ્મયકારી પરિણમન પામ્યા. ઈડર અને ઉત્તર ગુજરાતના પહાડોમાં, ટેકરીઓમાં જે પાષાણો છે તે અરજણભાઈભાઈના પ્રિય વિષય બની રહ્યા. વર્ષોથી સ્થિરત્વ ભોગવી રહેલા પથ્થરોને તેઓએ બોલતા કર્યા અને એનામાં જીવંતતા રોપીને પથ્થરની લવચિક સૌંદર્યરાશિને નવો આયામ આપ્યો. સ્વાભાવિક આકારમાં રહેલી અદશ્ય બાજુઓને અરજણભાઈએ લક્ષિત કરીને દરેક પથ્થરને આગવી કથા કહેનારો કથાકાર બનાવી દીધો.

એ જ રીતે તેઓએ પ્રકૃતિનાં અનેકવિધ અંગોને કલાવિષય તરીકે તસવીરકલા તરીકે અવતરિત કર્યા છે. વૃક્ષો, પર્વતો, નદીઓ, ઝરણાંઓ, પર્ણો, ફૂલો, પક્ષીઓ, આકાશ, ધુમ્મસ, ઝાકળ , મેઘધનુ એ બધાં એક અલિમેન્ટ તરીકે, અથવા સ્વતંત્ર વિષય તરીકે વિશેષતયા તસવીર કલામાં કલાઘાટ પામ્યાં છે. તદુપરાંત લન્ડસ્કેપ અને સિટીસ્કેપ પણ અરજણભાઈના પ્રિય વિષયો રહ્યા છે. ભૂમિગત વૈવિધ્યની સમાંતરે જ એમણે નગરગત સંયોજનાને કેમેરામાં ઝડપીને વિસ્મકારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

તસવીક કલાકાર તરીકે અરજણભાઈ રાસડિયાની નિજી પદ્ધતિ છે, આગવી કલાદષ્ટિ છે. તેઓ વિશેષ ક્ષણને ઝડપીને એમાં ગતિ અથવા જીવંતતાને લક્ષિત કરે છે. દરેક તસવીર સ્પંદિત, ધબકતીને બોલતી હોય એ જ એમને અભિપ્રેત છે. જે તે સ્થળ, સમય અને પરિસ્થિતિને તેઓ એક આયામ તરીકે લક્ષિત કરે છે. સહજ રીતે ફ્રેમમાં વસી જતું સૌંદર્યવિશ્વ એમની કૃતિઓમાં કેન્દ્રમાં છે. અવકાશ છોડવાની, છાયાપ્રકાશને આગવી રીતે ઝિલવાની, યોગ્ય ઍંગલથી દશ્યને નાટ્યાત્મક રૂપ આપવાની આગવી સિદ્ધિને કારણે અરજણભાઈ રાસડિયા ગુજરાતી તસવીર કલાક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. એમની કલા સિદ્ધિ સતત અનેક ધારાઓથી પુષ્ટ થતી જ જાય છે, જે ભવિષ્યમાં વિશેષ નોંધનીય કલાકીય આયામ તરીકે તસવીરકલાનું આગવું સોપાન બની રહેશે એવી શ્રદ્ધા દઢ થાય છે. પોતીકા કલાવિશ્વ થકી સર્વને અનેકવિધ રસકીય કોટિ તરફ લઈ જતા અરજણભાઈ રાસડિયા વિશેષ સમ્માન અને અભિનંદનના અધિકારી છે.

**નિસર્ગ આહીર**

# ઉના : ૩૦ દિવસીય બાળ સુરક્ષા અભિયાન અંતર્ગત ગીર ગઢડા પોલીસની સરાહનીય કામગીરી


ઉના, તા. ૨૪

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકામાં ૩૦ દિવસીય બાળ સુરક્ષા અને POCSO કાયદાના અમલીકરણ અંતર્ગત ગીર ગઢડા પોલીસે પ્રશંસનીય કામગીરી હાથ ધરી છે. આ અભિયાનના ભાગરૂપે ગીર ગઢડા તાલુકાના દ્રોણ ચોકડી વિસ્તારમાં રાજુભાઈના ભરડિયા પાસે આવેલી ઝૂંપડપટ્ટીમાં પોલીસ ટીમ દ્વારા ઘરઘર જઈ પરિવારોની મુલાકાત લેવામાં આવી હતી. પોલીસ દ્વારા બાળ મજૂરી રોકવા, તેમજ શાળામાં ન જતા કે અભ્યાસ અધવચ્ચે છોડી દીધેલા બાળકોને ફરી શિક્ષણ સાથે જોડવા માટે માતા–પિતા અને વાલીઓને વિસ્તૃત સમજ આપવામાં આવી. બાળકોનું ભવિષ્ય સુરક્ષિત રહે, તેઓ શિક્ષણથી વંચિત ન રહે અને કોઈપણ પ્રકારના શોષણથી દૂર રહે તે માટે POCSO કાયદાની માહિતી પણ આપવામાં આવી હતી. પોલીસ અધિકારી એન.એ. વાઘેલા સહિતનાઓએ વાલીઓને સમજાવ્યું કે બાળકોને કામ પર મોકલવા બદલે શાળામાં મોકલવું જરૂરી છે, કારણ કે શિક્ષણ જ બાળકોના ઉજ્જવળ ભવિષ્યની સાચી ચાવી છે. સાથે સાથે જો કોઈ બાળક મુશ્કેલીમાં હોય તો પોલીસ અને તંત્ર તરફથી તમામ જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી. આ માનવિય અભિગમના ભાગરૂપે ગીર ગઢડા પોલીસે ત્યાં હાજર બાળકોને નાસ્તો કરાવી તેમની સાથે સંવાદ પણ કર્યો, જેના કારણે બાળકોના ચહેરા પર ખુશી જોવા મળી. ગીર ગઢડા પોલીસની આ કામગીરીને સ્થાનિક લોકો દ્વારા પણ વખાણવામાં આવી રહી છે.





## ચાડીયા ગામે આવેલ અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટે પર્યાવરણ મિત્ર એવોર્ડ મેળવી ગૌરવ વધાર્યુ




અમરેલી, તા. ૨૪

ગુજરાત રાજય સરકાર પ્રદૂષણ નિમંત્રણ બોર્ડ અને સદભાવના ટ્રસ્ટ રાજકોટ સંયુકત રીતે પર્યાવરણ મિત્ર એવોર્ડ અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટ (ચાડીયા ગામને) મળેલ છે. ગામની અંદર ૫ હજાર વૃક્ષો વાવી અને તેનો ઉછેર કરી પ્રશંસિય કામગીરી કરેલ છે.

અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટની કારોબારી વતી ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ કે. ગઢિયાએ એવોર્ડ સ્વીકારેલ હતો. ટ્રસ્ટ દ્વારા ગામમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા બાબતમાં અગ્ર ધ્યાન આપેલ છે તે નોંધનીય છે. ઉપરોકત એવોર્ડ મેળવવા બદલ ચાડીયા ગામના ગ્રામજનો, દેશ, પરદેશમાં વસતા ગામના રહીશો આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

તે સાથે અન્નપૂર્ણા ટ્રસ્ટની ગામ પ્રત્યેની લાગણી અને કામગીરીને બિરદાવે છે. તે સાથે સાથે ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ કે. ગઢિયા અને કારોબારી સભ્યો, દાતા અને તમામ ગ્રામજનોએ અભિનંદન આપેલ છે.
















# ૭૭માં ગણતંત્ર દિવસની

## હાર્દિક શુભકામનાઓ

HAPPY REPUBLIC DAY



**શ્રી દિલીપભાઈ સંઘાણી**
ચેરમેનશ્રી 'ઈફ્કો'
શ્વેતક્રાંતિના જનક, સ્થાપક ચેરમેનશ્રી



**શ્રી પરશોતમભાઈ રૂપાલા**
સાંસદશ્રી, રાજકોટ
સંસ્થાના પ્રેરણાસ્ત્રોત, સ્થાપક ડાયરેક્ટરશ્રી

**શ્રી અશ્વિન સાવલીયા** – ચેરમેનશ્રી | **શ્રી મુકેશ સંઘાણી** – વાઈસ ચેરમેનશ્રી | **ડો. આર. એસ. પટેલ** – મેનેજીંગ ડિરેકટર

: બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ :

| | | |
|---|---|---|
| શ્રી માવજીભાઈ ગોલ | શ્રી અરૂણભાઈ પટેલ | શ્રી અરૂણાબેન માલાણી |
| શ્રી ચંદુભાઈ રામાણી | શ્રી રાજેશભાઈ માંગરોળીયા | શ્રી જયેનભાઈ મહેતા |
| શ્રી ઠાકરશીભાઈ શીયાણી | શ્રી જયાબેન રામાણી | શ્રી રામજીભાઈ કાપડીયા |
| શ્રી કમલેશભાઈ સંઘાણી | શ્રી ભાનુબેન બુહા | શ્રી કંચનબેન ગઢીયા |
| શ્રી રેખાબેન કાકડીયા | શ્રી ભાવનાબેન ગોંડલીયા | શ્રી ભાવનાબેન સતાસીયા |

Amul The Taste of India

**અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. ''અમર ડેરી''**

# ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે

## હાર્દિક શુભકાનાઓ

ભિન્ન છે ભાષા, ધર્મ ને જાત,પ્રાંત, વેશ અને પરિવેશ.
પણ આપણા સહુનું ગૌરવ એક, આપણો રાષ્ટ્ર ધ્વજ તિરંગો શ્રેષ્ઠ,
પ્રજાસત્તાક દિવસની રંગીન શુભેચ્છાઓ

પ્રજાસત્તાક દિવસની
રંગીન શુભકામનાઓ.

: શુભેચ્છક

# નટરાજ રોડ લાઈન્સ

**અમરેલી-ભાવનગર-રાજકોટ**

# આશાપુરા ટ્રાન્સપોર્ટ કાં.

**પાલનપુર - વલસાડ**

**શ્રી ઉદયભાઈ શેખવા : મો. ૦૧૩૮૧ ૫૫૫૫૫**

# ૭૭માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ

26th JANUARY
Happy Republic Day



: શુભેચ્છક :

**માન. શ્રી વસંતભાઈ ગજેરા**
(ચેરમેનશ્રી)

શ્રીમતિ શાંતાબેન હરીભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલીત
**શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ**
જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી

LD Laxmi Diamond Since 1972

# ૭૭માં ગણતંત્ર દિવસની

## હાર્દિક શુભકામનાઓ

''સ્વચ્છતા ત્યા પ્રભુતા'' ''સ્વચ્છ બાબરા'' ''સુંદર બાબરા''

## બાબરા નગર સેવા સદન - બાબરા

નગરપાલિકા દ્વારા ''સર્વનો સાથ શહેરનો વિકાસ'' ''સ્વચ્છ બાબરા, સુંદર બાબરા'' ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. ૭૭માં ગણતંત્ર દિન નિમિતે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.
(૯) કોરોના વાયરસનાં સંક્રમણથી બચવા સરકારશ્રીની ગાઈડલાઈનનું બિનચુક પાલન કરીએ.

**શ્રી પ્રવિણભાઈ કરકર** – પ્રમુખશ્રી
**શ્રી અંકુરભાઈ જસાણી** – ઉપપ્રમુખશ્રી
**શ્રી આર.બી. વેકરીયા** – ચીફ ઓફિસર
**શ્રીમતિ લીલાબેન એ. મકવાણા** – ચેરમેન : કારોબારી સમિતિ

**નગરપાલિકાના સભ્યશ્રીઓ..**

| | |
|---|---|
| શ્રીમતિ જીજ્ઞાસાબેન ભુપતભાઈ સકોરીયા | શ્રી નરેશભાઈ લખમણભાઈ મારૂ |
| શ્રીમતિ પ્રતીક્ષાબેન મુળશંકર તેરૈયા | શ્રી ખોડાભાઈ ભીખાભાઈ મકવાણા |
| શ્રી ઘર્મેશભાઈ લાભુભાઈ વાવડીયા | શ્રીમતિ આશાબેન વસંતભાઈ તેરૈયા |
| શ્રી બાવકુભાઈ દેવકુભાઈ બસીયા | શ્રીમતિ વસીલાબેન આસીફભાઈ વાળા |
| શ્રીમતિ સોનીબેન અરવિંદભાઈ પરમાર | શ્રી જગુભાઈ એભલભાઈ ખાદા |
| શ્રીમતિ ઉમાબેન વનરાજભાઈ વાળા | શ્રીમતિ કિંજલબેન ગંભીરસિંહ સોલંકી |
| શ્રી વનરાજભાઈ વાલેરાભાઈ વાળા | શ્રી નિતિનભાઈ ચિમનભાઈ દસલાણીયા |
| શ્રી રમેશભાઈ છગનભાઈ તેરૈયા | શ્રીમતિ અનિતાબેન મહેશભાઈ ચૌહાણ |
| શ્રીમતિ શિલ્પાબેન દિપકભાઈ સિંઘવ | શ્રી ભરતભાઈ બાબુભાઈ રંગપરા |
| શ્રીમતિ કમળાબેન ભુપતભાઈ બસીયા | શ્રી શંભુભાઈ માવજીભાઈ પાંચાણી |
| | શ્રીમતિ રેખાબેન લલીતભાઈ આંબલીયા |







જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટના આધારે કાર્યવાહી

# અમરેલી પંથકનાં વધુ એક પરપ્રાંતિયને ''પાસા'' હેઠળ જેલહવાલે કરી દેવાયો

**એસપીનાં માર્ગદર્શનતળે તાલુકા પોલીસની કામગીરી**



અમરેલી, તા. ૨૪

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલકત-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો, કે જે નાગરિકોની માલ-મિલ્કતની ચોરી કરતા હોય, આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્દઢ બને તે માટે

**અનુસંધાન પાના ૨ ઉપર**




ખેડૂતોને મહેનતનુ ફળ મળવાનુ શરૂ

# અમરેલીનાં માર્કેટયાર્ડમાં નવા ચણાની ભરપૂર આવક શરૂ થઈ

**પ્રતિ મણનો ભાવ રૂપિયા ૧૧૬૦ થયો**

અમરેલી, તા. ૨૪

અમરેલીમાં સાવરકુંડલા રોડ ખાતે બનેલ સરદાર વલ્લભભાઈ પટેલ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી, નવા માર્કેટયાર્ડમાં તા. ૨૪/૧/૨૬ને શનિવારનાં રોજ સિઝનના નવા ચણાની આવક શરૂ થઈ હતી. જેમાં રસીકભાઈ રે. કેરાળા ગામનાં

**અનુસંધાન પાના ૨ ઉપર**






# બાબરામાં પાલિકા પ્રમુખ સહિતનાં ભાજપનાં અગ્રણીઓ દ્વારા નવનિયુક્ત જિલ્લા પંચાયતનાં પ્રમુખનું સન્માન કરાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરામાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર ધ્વારા શુભેચ્છા મુલાકાત કરવામાં આવતા પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરનાં શોરૂમ ખાતે તેમનું ભવ્ય સ્વાગત અને સન્માન પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિનાં ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, શહેર યુવા ભાજપનાં પ્રમુખ હરેશભાઈ આખજા, તાલુકા ભાજપના અગ્રણી અજિતભાઈ ખોખરીયા, નગરપાલિકા સભ્ય ભુપતભાઈ બસિયા, ધર્મેશભાઈ વાવડીયા સહિતનાં અગ્રણીઓ ધ્વારા જિલ્લા પંચાયતના નવનિયુકત પ્રમુખ સુરેશભાઈ પાથરનું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

### જિલ્લા પંચાયતના પ્રમુખમાં સગર સમાજને પ્રતિનિધિત્વ મળતા

## બાબરા સગર સમાજના અગ્રણીઓ દ્વારા ગૌરવની લાગણી વ્યકત કરાઈ

**નવ નિયુકત જિલ્લા પંચાયતના પ્રમુખ અને સગર સમાજનું ઘરેણું સુરેશભાઈ પાથરનું સન્માન**



બાબરા, તા. ૨૪

અમરેલી જિલ્લા પંચાયતનાના નવ નિયુકત પ્રમુખ તરીકે સગર સમાજના અગ્રણી સુરેશભાઈ પાથરની નિયુકિત થતા બાબરા સગર સમાજ દ્વારા ગૌરવની લાગણી વ્યકત કરી સગર સમાજને મહત્વનું પદ મળતા આગેવાનો દ્વારા પ્રદેશ ભાજપ અને જિલ્લા ભાજપનો આભાર વ્યકત કર્યો હતો.

બાબરા ખાતેના જિલ્લા પંચાયતના નવ નિયુકત પ્રમુખ સુરેશભાઈ પાથરના પ્રવાસ દરમિયાન અહીંના સગર સમાજના અગ્રણીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી અને સગર સમાજના અગ્રણી પિયુષ અજાણી, મયુર અજાણી, રમેશભાઈ ભાલુ, અતુલભાઈ પાથર, શૈલેષભાઈ પાથર, કપિલભાઈ ભાલુ સહિતના અગ્રણીઓ દ્વારા નવ નિયુકત જિલ્લા પંચાયતના પ્રમુખનું ભવ્ય સન્માન કર્યુ હતું

### ચૂંટણી કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓ

## સતાધારી પક્ષનાં હાથા બનીને જીંદગી ના બગાડતા : શાંતિલાલ રાણવા

અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિત્તિના ઉપપ્રમુખ શાંતિભાઈ રાણવાની યાદી જણાવે છે કે, પ્રાથમિક યાદી જાહેર થયા બાદ નવા મતદારો ઉમેરવા, ભાજપ વિરોધી મતદારોએ જ ખાસ કરીને દલિતો, મુસ્લીમોના નામો લાખોની સંખ્યામાં રદ કરવા માટે ફોર્મ વાંધા રજુ થયા છે. ભાજપના કાર્યકરો, રાજકીય લોકોના દબાણમાં આવીને ફોર્મ સીધા જ અધિકારીઓ પાસે રજુ કરીને નામ ઉમેરવા, રદ કરવાની કાર્યવાહી બારોબાર થઈ રહી છે તેવું ધ્યાનમાં આવતા વિરોધ પક્ષોએ જાગૃતિ દાખવીને વાંધાઓ રજુ કર્યા છે. ત્યારે ખાસ કરીને બી.એલ.ઓ. કે જે નાના કર્મચારીઓ છે, આંગણવાડીની સંચાલીકા બહેનો છે. જેને આ સરકાર પગાર પણ પૂરો આપતી નથી. અને શોષણ કરી રહી છે તેવા બી.એલ.ઓ. દબાણમાં આવીને કંઈ ખોટુ ના કરે તેવી જાહેર અપીલ રાણવાએ કરેલ છે. ભાજપ અને આર.એસ.એસ. દેશભરમાં ગુંડાગીરી કરીને ઈવીએમ દ્વારા વોટ ચોરી નામો ઉમેરવા કમી કરવા તથા બોગસ વોટીંગનાં આંકડા બતાવીને તેમજ લોકોને લલચાવીને, ફોસલાવી, ધમકાવીને બ્રાંચ આપીને જે ષડયંત્રો દ્વારા ચૂંટણી જીતી રહી છે તે લોકશાહી અને બંધારણ નામ મોટો ખતરો ઉભો થયો છે તેવા સંજોગોમાં ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા સમગ્ર ગુજરાતમાં કાનુની રાહે લડાઈ લડી જનતાના અધિકારોનું રક્ષણ કરી રહ્યા છે આવા સંજોગોમાં જનતા જાગૃત રહે, વિપક્ષો જાગૃત રહે તેવી અપીલ અંતમાં કરેલ છે.



























# ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે

એવમ્

## હાર્દિક શુભકાનાઓ

લ્યો આવ્યો ફરી નવી પ્રભાત સાથે
હળી મળીને રહીશુ આપણે એક બીજા સાથે
આ ત્રિરંગો કેટલો પ્યારો અને સૌથી ન્યારો છે
આપી દઈશું પ્રાણની આહુતિ નહી
આવવા દઈએ તેના પર આંચ

પ્રજાસત્તાક દિવસની રંગીન શુભકામનાઓ.





**શ્રી મહેશ કસવાલા**
ધારાસભ્ય
સાવરકુંડલા-લીલીયા

# ૭૭ માં પ્રજાસત્તાક પર્વ

નિમિત્તે

## હાર્દિક શુભકામનાઓ.

જય જવાન — જય કિસાન

**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ**
**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી**

સાવરકુંડલા રોડ - અમરેલી
મુખ્યયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૯૫૫૫૫ : ૨૩૪૦૩૪ : ૨૩૪૦૪૪
સબયાર્ડ ફોન : ઓ. (૦૨૭૯૨) ૨૨૨૧૨૨ : ૨૨૩૨૧૩ : ૨૨૩૯૪૧

ખુલ્લી હરરાજી.... ખરો તોલ.... રોકડા નાણાં...

- ખેડૂતોએ પોતાની જણસ માર્કેટયાર્ડમાં વેચવાનો આગ્રહ રાખવો.
- ખેડૂતો વજનમાં છેતરાય નહીં તે માટે માર્કેટયાર્ડમાં ઈલેક્ટ્રોનીક્સ કાંટા દ્વારા વજન કરવામાં આવે છે.
- જુના માર્કેટયાર્ડ (સબયાર્ડ)માં AToZ માર્કેટ, હોલસેલ શાકમાર્કેટ, હોલસેલ ફ્રુટ માર્કેટ તેમજ તમામ સુવિધાઓ સંપન્ન રીટેઈલ શાકમાર્કેટ શરૂ છે.

| તુષાર એચ. હપાણી | ચંદુભાઈ બી. પોલરા | ભાવીનભાઈ જે. સોજીત્રા |
|---|---|---|
| સેક્રેટરી | વા.ચેરમેન | ચેરમેન |

સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રી

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી

# ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે

## હાર્દિક શુભકાનાઓ

જેનો મુગટ હિમાલય છે,
જ્યાં ગંગા વહે છે,
જ્યાં વિવિધતામાં એકતા છે
જ્યાં 'સત્યમેવ જયતે' સૂત્ર છે,
એ ભારત આપણો દેશ છે...

પ્રજાસત્તાક દિવસની રંગીન શુભકામનાઓ.





**શ્રી જનક તળાવીયા**
ધારાસભ્યશ્રી
લાઠી-બાબરા

"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

# અમરેલી નગર સેવા સદન - અમરેલી

## ૭૭ માં પ્રજાસતાક પર્વ નિમિતે હાર્દિક શુભકામનાઓ.

### સ્વચ્છ ભારત મિશન ૨.૦, અંતર્ગત સ્વચ્છતા સંદેશ

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી" ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. ૨૬ મી જાન્યુઆરી- ૨૦૨૬, પ્રજાસતાક દિનની ઉજવણી નિમિતે નીચે મુજબનાં સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઇએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.

| બિપીનભાઈ એસ.લીંબાણી | બિનાબેન વિશાલભાઈ કાલેણા |
|---|---|
| પ્રમુખશ્રી<br>અમરેલી નગરપાલિકા<br>અમરેલી | ઉપપ્રમુખશ્રી<br>અમરેલી નગરપાલિકા<br>અમરેલી |
| **મનીષભાઈ એચ. ધરજીયા** | **વિનોદ સી. રાઠોડ** |
| અધ્યક્ષશ્રી<br>કારોબારી સમિતિ<br>અમરેલી નગરપાલિકા - અમરેલી | ચીફ ઓફીસરશ્રી<br>અમરેલી નગરપાલિકા<br>અમરેલી |

તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ

અમરેલી નગર સેવા સદન - અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)